

RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 200
Dt.: 02-04-2026,
Thursday
Page : 04
Rs.00.50 paisa


ગુજરાતમાં ૧૦ ટકાનો ઉછાળો

## સરકારી તિજોરી ટેક્સના રૂપિયાથી છલકાઈ, માર્ચમાં રેકોર્ડ બ્રેક GST કલેક્શન

### ગયા વષના સમાન મહિનાની સરખામણીએ સરખામણીએ ૮.૮% વધુ : ૦.૨૨ લાખ કરોડ રૂપિયાના રિફંડ જાહેર કરાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દુનિયામાં યુદ્ધની સ્થિતિ વચ્ચે આર્થિક મોરચે ભારત માટે સારા સમાચાર છે. માર્ચ ૨૦૨૬માં દેશનું GST કલેક્શન રેકોર્ડ બ્રેક નોંધાયું છે. સરકારી આંકડા મુજબ, નેટ GST કલેક્શન વધીને ૨ લાખ કરોડ રૂપિયા પહોંચી ગયું છે, જે ગત ફેબ્રુઆરી મહિનાની સરખામણીએ ૮.૨ ટકા વધુ છે. આનાથી સ્પષ્ટ થાય છે કે દેશમાં વેપાર અને વપરાશ બંનેમાં મજબૂતી જળવાઈ રહી છે. નિષ્ણાતોનું માનવું છે કે ટેક્સ કલેક્શનમાં આ વધારો આર્થિક ગતિવિધિઓમાં સતત સુધારાનો સંકેત આપે છે. તેમજ જો ગ્રોસ GST કલેક્શનની વાત કરીએ તો માર્ચમાં તે ૨ લાખ કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું છે, જે ગયા વર્ષના સમાન મહિનાની સરખામણીએ ૮.૮% વધુ છે. સતત વધી રહેલી GST વસૂલાત સરકારની આવકને મજબૂત કરી રહી છે અને આગામી સમયમાં વિકાસ યોજનાઓને વેગ આપવામાં મદદ મળશે. એકંદરે, આ આંકડા ભારતીય અર્થવ્યવસ્થા માટે સકારાત્મક સંકેત માનવામાં આવી રહ્યા છે.

રિફંડની વાત કરીએ તો માર્ચ મહિનામાં કુલ ૦.૨૨ લાખ કરોડ રૂપિયાના રિફંડ જાહેર કરવામાં આવ્યા છે, જે વાર્ષિક ધોરણે ૧૩.૮% વધુ છે. રિફંડ વધવા છતાં સરકારની નેટ કમાણી મજબૂત રહી છે, જે ૧.૭૮ લાખ કરોડ રૂપિયા રહી. આ એવો પણ સંકેત આપે છે કે નિકાસ અને વેપાર સાથે જોડાયેલા સેક્ટર્સ હાલ પાટે છે. રેવેન્યૂના અલગ-અલગ હિસ્સાઓ પર નજર કરીએ તો સ્થાનિક વ્યવહારોમાંથી મળતી ગ્રોસ રેવેન્યૂ ૧.૪૬ લાખ કરોડ રૂપિયા રહી, જેમાં ૫.૯% નો વધારો થયો છે. બીજી તરફ, આયાતમાંથી મળતી રેવેન્યૂ ૦.૫૪ લાખ કરોડ રૂપિયા સુધી પહોંચી ગઈ છે, જેમાં ૧૭.૮% નો મોટો વધારો જોવા મળ્યો છે. આનો અર્થ એ છે કે દેશમાં આયાત ગતિવિધિઓ પણ ઘણી મજબૂત રહી છે. સમગ્ર નાણાકીય વર્ષ ૨૦૨૫-



૨૬ની વાત કરીએ તો ગ્રોસ GST કલેક્શન ૮.૩% વધીને ૨૨.૨૭ લાખ કરોડ રૂપિયા થી વધુ થઈ ગયું છે. તેમજ નેટ GST રેવેન્યૂ ૭.૧% ના વધારા સાથે ૧૯.૩૪ લાખ કરોડ રૂપિયા પર પહોંચી ગઈ છે. રાજ્યોના પ્રદર્શન પર નજર કરીએ તો ઘણા રાજ્યોમાં GST કલેક્શનમાં સારી વૃદ્ધિ જોવા મળી છે. જેમાં હિમાચલ પ્રદેશ, પંજાબ, ઉત્તરાખંડ, હરિયાણા, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, બિહાર, ગુજરાત, મહારાષ્ટ્ર, કર્ણાટક, કેરળ, તમિલનાડુ, તેલંગાણા અને આંધ્રપ્રદેશનો સમાવેશ થાય છે.

બીજી તરફ કેટલાક રાજ્યોમાં ઘટાડો પણ નોંધાયો છે, જેમ કે જમ્મુ-કાશ્મીર, ચંદીગઢ, દિલ્હી, અરુણાચલ પ્રદેશ, મેઘાલય, આસામ, પશ્ચિમ બંગાળ, ઝારખંડ, ઓડિશા, છત્તીસગઢ અને મધ્યપ્રદેશ. એકંદરે, આ આંકડા દર્શાવે છે કે ભારતીય અર્થવ્યવસ્થા સ્થિર અને મજબૂત દિશામાં આગળ વધી રહી છે.

કયા મહિનામાં કેટલું કલેક્શન?

એપ્રિલ ૨૦૨૫: ૨.૩૭ લાખ કરોડ
મે ૨૦૨૫: ૨.૦૧ લાખ કરોડ
જૂન ૨૦૨૫: ૧.૮૫ લાખ કરોડ
જુલાઈ ૨૦૨૫: ૧.૯૫ લાખ કરોડ
ઓગસ્ટ ૨૦૨૫: ૧.૮૬ લાખ કરોડ
સપ્ટેમ્બર ૨૦૨૫: ૧.૮૯ લાખ કરોડ
ઓક્ટોબર ૨૦૨૫: ૧.૯૬ લાખ કરોડ
નવેમ્બર ૨૦૨૫: ૧.૭૦ લાખ કરોડ
ડિસેમ્બર ૨૦૨૫: ૧.૭૫ લાખ કરોડ
જાન્યુઆરી ૨૦૨૬: ૧.૯૩ લાખ કરોડ
ફેબ્રુઆરી ૨૦૨૬: ૧.૮૪ લાખ કરોડ
માર્ચ ૨૦૨૬: ૨ લાખ કરોડથી વધુ

ગુજરાતે માર્ચ ૨૦૨૬માં ટેક્સ કલેક્શનમાં મજબૂત વૃદ્ધિ નોંધાવી છે, સેટલમેન્ટ પછીના ધોરણે, રાજ્યનું સ્ટેટ જીએસટી (SGST) કલેક્શન વાર્ષિક ધોરણે ૧૦% વધીને ૬,૮૩૫ કરોડ રૂપિયા પર પહોંચ્યું છે, જે માર્ચ ૨૦૨૫માં ૬,૧૯૩ કરોડ રૂપિયા હતું.

જો સેટલમેન્ટ પૂર્વેના આંકડા જોઈએ તો, ગુજરાતે માર્ચ ૨૦૨૬માં ૪,૪૫૦ કરોડનું SGST એકત્ર કર્યું છે, જે ગત વર્ષના સમાન ગાળાના ૪,૨૪૬ કરોડની સરખામણીએ ૫%નો વધારો દર્શાવે છે.

પોલીસ તપાસ શરૂ

## પંજાબ: ચંડીગઢમાં ભાજપના કાર્યાલય બહાર બ્લાસ્ટ થયો

(સંપૂર્ણ સમાચાર સેવા)ચંડીગઢ

પંજાબમાં ભારતીય જનતા પાર્ટીના કાર્યાલય બહાર વિસ્ફોટનો અવાજ સંભળાયો છે. આ ઘટના ચંડીગઢના સેક્ટર ૩૭માં સાંજે ૫:૩૦ કલાક આસપાસ ઘટી છે. પોલીસ ધડાકાના કારણોની તપાસમાં જોતરાઈ ગઈ છે. આ ઘટનામાં કોઈ ઘાયલ થવાના સમાચાર નથી.

સૂત્રોનું કહેવું છે કે પંજાબમાં ભાજપ કાર્યાલય બહાર CRPFને ગોઠવી દેવામાં આવી છે. ઘટનાસ્થળેથી વિસ્ફોટમાં ઉપયોગમાં લેવામાં આવેલા છરા પણ કબજે લેવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં બ્લાસ્ટના કારણોનો કોઈ અતોપતો મળ્યો નથી.

તસવીરોમાં ચંડીગઢ ભાજપ કાર્યાલય બહાર ગાડીઓ દેખાઈ રહી છે, પોલીસ ઉપરાંત ફાયર વિભાગની ગાડીઓ પણ ઘટનાસ્થળે પહોંચી છે. પોલીસે સમગ્ર વિસ્તારને હાલ સુરક્ષાના ભાગરૂપે સીલ કરી દીધો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર, આ ધડાકો સાંજે અંદાજે ૫ કે ૫:૩૦ વાગ્યાની આસપાસ ભાજપ કાર્યાલયની બહાર પાર્ક કરેલી એક સ્કૂટીમાં થયો હતો. વિસ્ફોટ બાદ તરત જ સુરક્ષા એજન્સીઓ હરકતમાં આવી ગઈ છે. હાલ પોલીસ અને ફોરેન્સિક ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને નમૂનાઓ એકત્ર કર્યા હતા. પોલીસ માટે અત્યારે સૌથી મોટો સવાલ એ છે કે આ સ્કૂટી કોની હતી? ઘટનાની ગંભીરતાને જોતા SSP અને IG પુષ્પેન્દ્ર કુમાર સહિતના ઉચ્ચ અધિકારીઓ કાફલા સાથે ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. આ ઘટના અંગે પ્રતિક્રિયા આપતા પંજાબ ભાજપના નેતા વિનીત જોશીએ ચિંતા વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે, ભાજપ કાર્યાલયની બહાર આ પ્રકારે વિસ્ફોટ થવો એ અત્યંત ગંભીર અને ચિંતાનો વિષય છે. ધડાકો એટલો જોરદાર હતો કે પાર્કિંગમાં પડેલી અને ત્યાંથી પસાર થતી ગાડીઓને પણ નુકસાન થયું છે. અમે અત્યારે પોલીસ તપાસની રાહ જોઈ રહ્યા છીએ. દિન-દહાડે અને તે પણ ભાજપ જેવા મહત્વના પક્ષના કાર્યાલયની બહાર આ પ્રકારની ઘટના બનતા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર અનેક સવાલો ઉભા થયા છે.

શું આ કોઈ મોટું ષડયંત્ર હતું કે કેમ, તે દિશામાં પોલીસ તપાસ ચલાવી રહી છે. આસપાસના સીસીટીવી ફૂટેજ પણ તપાસવામાં આવી રહ્યા છે જેથી સ્કૂટી મૂકનાર શખ્સની ઓળખ થઈ શકે.

સામાન્ય લોકોને લાગ્યો ઝટકો

## પ્રીમિયમ પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં ૧૧ રૂપિયાનો વધારો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશભરમાં ઈંધણના ભાવમાં વધારાથી સામાન્ય લોકોની ચિંતા ફરી એકવાર વધી ગઈ છે. સરકારી તેલ કંપની ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન (IOCL) એ પ્રીમિયમ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો કર્યો છે, જેના કારણે વાહન માલિકોને મોટો ઝટકો લાગ્યો છે. આજથી નવા ભાવ લાગુ કરવામાં આવ્યા છે.

માહિતી અનુસાર, દિલ્હીમાં ૧૦૦ ઓક્ટેન પેટ્રોલ અથવા XP100ની કિંમત ૧૪૯ રૂપિયાથી વધારીને ૧૬૦ રૂપિયા પ્રતિ લિટર કરવામાં આવી છે. આ પ્રીમિયમ પેટ્રોલ પર ૧૧ રૂપિયા પ્રતિ લિટરનો સીધો વધારો દર્શાવે છે. "એક્સ્ટ્રા ગ્રીન", પ્રીમિયમ ડીઝલની કિંમત પણ ૯૧.૪૯ રૂપિયાથી વધારીને ૯૨.૯૯ રૂપિયા પ્રતિ લિટર કરવામાં આવી છે. આ નવા દરો હાલમાં IOCL પેટ્રોલ પંપ પર લાગુ છે. પ્રીમિયમ ઈંધણ નિયમિત પેટ્રોલ અને ડીઝલ કરતાં વધુ મોંઘુ છે અને તેનો ઉપયોગ મુખ્યત્વે હાઈ પરફોર્મન્સ વાહનોમાં થાય છે. જો કે, ભાવ વધારાથી હવે તે લોકો પર અસર થશે જેઓ આ ઈંધણનો ઉપયોગ સારી માઈલેજ અને એન્જિન કામગીરી માટે કરે છે. આંતરરાષ્ટ્રીય ક્રૂડ ઓઈલના ભાવમાં વધઘટ અને ડોલર સામે રૂપિયાની નબળાઈ જેવા પરિબળો આ ભાવ વધારા પાછળ જવાબદાર હોઈ શકે છે. વધુમાં રિફાઈનિંગ ખર્ચમાં વધારો અને લોજિસ્ટિક્સ ખર્ચ પણ ઈંધણના ભાવને અસર કરે છે. જોકે આ વધારો ફક્ત પ્રીમિયમ ઈંધણ પર લાગુ પડે છે, તે ધીમે ધીમે સામાન્ય બજાર પર પણ અસર કરી શકે છે. વધતા પરિવહન અને લોજિસ્ટિક્સ ખર્ચથી રોજિંદા વસ્તુઓના ભાવમાં પણ વધારો થઈ શકે છે, જેનાથી ફુગાવાનું દબાણ વધુ વધી શકે છે. જ્યારે સામાન્ય લોકો દૈનિક ધોરણે XP100 પેટ્રોલ અથવા એક્સ્ટ્રા ગ્રીન ડીઝલનો ઉપયોગ કરતા નથી, ત્યારે આ વધારો પરોક્ષ રીતે બધા વાહન માલિકોને અસર કરી શકે છે. સુધારેલ પ્રદર્શન ઈચ્છતા કાર અને બાઈક માલિકોએ હવે વધુ ખર્ચ કરવો પડશે.

વિરોધ થયો તો સોશિયલ મીડિયા પર માફી માગી

## ભાજપના સાંસદ નિશિકાંત દુબેએ સંસદમાં ભાંગરો વાટ્યો

### ઓડિશાની વિપક્ષી પાર્ટી બીજેડીએ હંગામો મચાવ્યો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઝારખંડની ગોડ્ડા બેઠક પરથી લોકસભા સાંસદ નિશિકાંત દુબેએ એક નિવેદનમાં દાવો કર્યો હતો કે ૧૯૬૦ના ચીન સામેના યુદ્ધ દરમિયાન બીજુ પટનાયક પૂર્વ વડા પ્રધાન જવાહરલાલ નેહરુ અને અમેરિકન ગુપ્તચર એજન્સી સીઆઈએ વચ્ચેની એક કડી હતા. તેમના નિવેદનથી મોટો હોબાળો થયો હતો.

ઓડિશાની વિપક્ષી પાર્ટી બીજેડીએ વિધાનસભામાં ખૂબ હંગામો મચાવ્યો હતો. આટલું જ નહીં ઓડિશાના ભાજપના નેતાઓએ પણ તેમનું નિવેદન પસંદ ન આવ્યું. હવે પોતાના નિવેદન પર વધી રહેલા વિરોધને જોતા નિશિકાંત દુબેએ બિનશરતી માફી માગી છે. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરીને કહ્યું કે, ગત અઠવાડિયે મીડિયા સાથે વાતચીત દરમિયાન મેં નેહરુ-ગાંધી પરિવારના કારનામાઓના ક્રમમાં પૂર્વ મુખ્યમંત્રી અને ભારતના અગ્રણી નેતાઓમાં સ્થાન ધરાવતા આદરણીય બીજુ પટનાયકજી વિશે જે કહ્યું હતું તેનું ખોટું અર્થઘટન કરવામાં આવ્યું છે. સૌ પ્રથમ તો આ નિવેદન મારું વ્યક્તિગત નિવેદન છે.

નેહરુજી વિશેના મારા વિચારોને બીજુ બાબુના સંદર્ભમાં સમજી લેવામાં આવ્યા. બીજુ બાબુ અમારા માટે હંમેશા ઊંચું કદ ધરાવતા સ્ટેટ્સમેન રહ્યા છે અને રહેશે. જો મારા નિવેદનથી લાગણીઓને ઠેસ પહોંચી હોય તો હું બિનશરતી માફી માગુ છું. મીડિયાને આપેલા પોતાના નિવેદનમાં નિશિકાંત દુબેએ કહ્યું હતું કે, અમેરિકાએ તિબેટ પર ચીનના કબજાના ડરથી ત્યાં પોતાની સેના અને CIA એજન્ટો મોકલ્યા હતા.

દલાઈ લામા અને તેમના ભાઈ સતત અમેરિકન સરકાર સાથે સંપર્કમાં હતા. નેહરુએ ચીન સાથે ૧૯૬૨નું આખું યુદ્ધ યુએસ ફંડિંગ અને CIA એજન્ટોના સહયોગથી લડ્યું હતું. ઓડિશાના તત્કાલીન મુખ્યમંત્રી બીજુ પટનાયકે અમેરિકન સરકાર, CIA અને નેહરુ વચ્ચે કડીનું કામ કર્યું હતું. ઓડિશાનું ચારબતિયા એરપોર્ટ જેમાં બીજુ પટનાયકે મુખ્ય ભૂમિકા ભજવી હતી, તે U2 વિમાનોનો અડ્ડો હતો અને આ એરપોર્ટ પર ૧૯૬૩થી ૧૯૭૯ સુધી અમેરિકન સૈનિકો તહેનાત હતા.

વળતર જોઈતું હોય તો TMCને વોટ આપો: મમતા

## બંગાળમાં મમતાએ ખાણીપીણી અને બટાકાના મુદ્દે ભાજપને ઘેર્યું

### ભાજપ સત્તામાં આવતાની સાથે જ ઈંડા, માછલી અને મીટ ખાવા પર પ્રતિબંધ લાદી દેશે: મમતા બેનર્જી

(સંપૂર્ણ સમાચાર સેવા)કોલકાતા

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં સત્તાધારી તૃણમૂલ કોંગ્રેસ (TMC) અને મુખ્ય વિપક્ષ ભાજપ તરફથી સ્ટ્રેટેજિક દાવપેચ ચાલી રહ્યા છે. બંને પક્ષો એકબીજા પર આકરા પ્રહારો કરી રહ્યા છે. મુખ્યમંત્રી મમતા બેનર્જીની જનસભાઓ પર નજર કરીએ તો, તેઓ ત્રણ બાબતો પર વિશેષ ભાર મૂકતા જોવા મળી રહ્યા છે. CM મમતા પોતાના ભાષણોમાં એવા મુદ્દાઓને વધુ મહત્વ આપી રહ્યા છે, જેની સાથે સામાન્ય જનતાનો સીધો સંબંધ છે. CM મમતા બેનર્જી પોતાની દરેક જનસભામાં કહી રહ્યા છે કે, જો ભાજપ પશ્ચિમ બંગાળમાં સત્તા પર આવશે, તો તે લોકોની ખાણીપીણી કેવી હોવી જોઈએ એ પણ નક્કી કરવા લાગશે. તેઓ આરોપ લગાવી રહ્યા છે કે ભાજપ સત્તામાં આવતાની સાથે જ



ઈંડા, માછલી અને મીટ ખાવા પર પ્રતિબંધ લાદી દેશે. મમતાના મતે, જે રાજ્યોમાં ભાજપની સરકારો છે ત્યાં ખાવા-પીવા પર આ પ્રકારના પ્રતિબંધો પહેલેથી જ અમલમાં છે. મુખ્યમંત્રી મમતા બેનર્જી એવો પણ આરોપ લગાવી રહ્યા છે કે, જે રાજ્યોમાં ભાજપ શાસિત સરકારો છે ત્યાં માછલી ખાવામાં નથી આવતી. તેઓ કહે છે કે ભાજપને કોઈપણ ધર્મમાં આસ્થા નથી, તે માત્ર પોતાનો એજન્ડા લાદવા માગે છે અને તેના માટે સમાજમાં ઝઘડા તથા રમખાણો ફેલાવવાનું કામ કરે છે. પશ્ચિમ બંગાળની ચૂંટણીમાં તમામ મોટા મુદ્દાઓ વચ્ચે બટાકાનું બમ્પર ઉત્પાદન અત્યારે એક જ્વલંત મુદ્દો બનીને ઉભર્યું છે. મુખ્યમંત્રી મમતા બેનર્જીએ બટાકાના આ મુદ્દાને બરાબર પકડી લીધો છે અને તેઓ પોતાની મોટાભાગની જનસભાઓમાં આનો ઉલ્લેખ કરતા જોવા મળી રહ્યા છે. મમતા બેનર્જીએ મંગળવારે બટાકાના ખેડૂતોને થયેલા નુકસાન માટે વળતરની જાહેરાત કરી અને બીજા રાજ્યોમાં વેચાણ પર લાગેલા પ્રતિબંધોમાં પણ છૂટછાટ આપી છે. મિદનાપુરની સભામાં તેમણે કહ્યું કે, જો વેપારીઓ અને ખેડૂતોના બટાકાના પાકને નુકસાન થશે, તો તેમને વળતર આપવામાં આવશે. આ સાથે જ તેમને રાજ્યની બહારના બજારોમાં પણ પોતાની ઉપજ મુક્તપણે વેચવા દેવામાં આવશે. મમતા બેનર્જીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે, 'જો તમારે બટાકા માટે વળતર જોઈતું હોય, તો તૃણમૂલને વોટ આપો.' પશ્ચિમ બંગાળમાં આ વર્ષે બટાકાનું બમ્પર ઉત્પાદન થયું છે, જેનો અંદાજ લગભગ ૧૩૦ લાખ ટન છે. આને કારણે બજારમાં બટાકાનો પુરવઠો એટલો વધી ગયો છે કે વેપારીઓ માટે પોતાનો સ્ટોક વેચવો મુશ્કેલ બની રહ્યો છે. આ અગાઉ, રાજ્યની બહાર બટાકા વેચવા પર લાગેલા પ્રતિબંધોએ વેપારીઓ અને ખેડૂતો વચ્ચે ભારે અસંતોષ ઊભો કર્યો હતો. આ પૈકીના અનેક લોકો પોતાની આજીવિકા માટે માત્ર આ પાક પર જ નિર્ભર છે. ચૂંટણી પ્રચાર દરમિયાન મમતા બેનર્જી પોતાની રેલીઓમાં ભાજપ પર બીજા રાજ્યોના લોકોને મતદારો બનાવવાનો આરોપ લગાવી રહ્યા છે. તેઓ કહે છે કે ભાજપે SIRના બહાને અન્ય રાજ્યોના પોતાના સમર્થકોને પશ્ચિમ બંગાળમાં મતદાર બનાવી દીધા છે.

## અમેરિકા ગેરન્ટી આપે તો ઈરાનયુદ્ધ ખતમ કરવા તૈયાર : ઈરાનના રાષ્ટ્રપતિ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા વિનાશક યુદ્ધ વચ્ચે ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયને અત્યાર સુધીનું સૌથી મોટું નિવેદન આપ્યું છે. તેમણે સંકેત આપ્યો છે કે તેહરાન અમેરિકા સાથે ચાલી રહેલા આ લોહિયાળ સંઘર્ષને સમાપ્ત કરવા માટે 'જરૂરી ઈચ્છાશક્તિ' ધરાવે છે. જોકે, આ શાંતિ પ્રસ્તાવ સાથે ઈરાને શરત મૂકી છે કે તેમને ભવિષ્યમાં થનારા કોઈ પણ સંભવિત હુમલાઓ સામે મજબૂત 'સુરક્ષા ગેરંટી' આપવામાં આવે.આ ઘટનાક્રમમાં સૌથી મહત્ત્વની કડી એ છે કે ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીના જણાવ્યા અનુસાર, તેમને અમેરિકન વાર્તાકાર સ્ટીવ વિટકોફ તરફથી સીધો સંદેશ મળ્યો છે. આ પ્રથમ વખત છે જ્યારે આ જંગ દરમિયાન અમેરિકા અને ઈરાન વચ્ચે સીધી વાતચીત થઈ હોય. રાષ્ટ્રપતિ પેઝેશ્કિયને યુરોપિયન કાઉન્સિલના અધ્યક્ષ સાથેની વાતચીતમાં સ્પષ્ટ કર્યું કે, "અમે આ જંગને વધુ ખેંચવા માંગતા નથી. જો અમારી સુરક્ષા સુનિશ્ચિત થાય અને ભવિષ્યમાં આક્રમણ ન થવાની ખાતરી મળે, તો અમે સમજૂતી માટે તૈયાર છીએ."




# તંત્રી લેખ......

## એક લાંબી લડાઈ

યુએસ, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે યુદ્ધ શરૂ થયાને એક મહિનો વીતી ગયો છે, પરંતુ યુએસ પ્રમુખ ટ્રમ્પના સ્વ-ઘોષિત "શાંતિના મસીહા" હોવા છતાં, આ ખતરનાક લશ્કરી સંઘર્ષ, જે સમગ્ર વિશ્વને અસર કરે છે, તે સમાપ્ત થવાને બદલે વધતો જાય છે. આ વાત અમેરિકા દ્વારા ઈરાનના પરમાણુ સુવિધાને નિશાન બનાવવામાં સ્પષ્ટ થાય છે. યુએસએ ઈસ્ફહાનમાં ઈરાનના પરમાણુ સુવિધા પર બંકર-બસ્ટર બોમ્બ ફેંક્યો હતો, જ્યારે ટ્રમ્પ ઈરાની નેતાઓ સાથે શાંતિ પ્રસ્તાવ પર વાટાઘાટો કરી રહ્યા હતા. તેઓ કાં તો જૂઠું બોલી રહ્યા છે અથવા ઈરાન, પશ્ચિમ એશિયાઈ દેશો અને વિશ્વને છેતરી રહ્યા છે. પશ્ચિમ એશિયાઈ કટોકટીના ઉકેલ માટે તેમના ઈરાદા ગમે તે હોય, તેમણે બધી વિશ્વસનીયતા ગુમાવી દીધી છે. આ જ કારણ છે કે અમેરિકામાં તેમનો વિરોધ વધી રહ્યો છે, અને સાથી દેશો અને નાટો રાષ્ટ્રો પણ ઈરાન સામેના યુદ્ધમાં તેમને ટેકો આપવા તૈયાર નથી. હવે સ્પષ્ટ છે કે ટ્રમ્પે ઈઝરાયલ સાથે ઈરાન પર બેદરકારીપૂર્વક હુમલો કરીને અમેરિકા, યુરોપ અને સમગ્ર વિશ્વને કટોકટીમાં ધકેલી દીધું છે. એવી પ્રબળ શક્યતા છે કે ટ્રમ્પ, જે અત્યાર સુધી મનસ્વી રીતે કામ કરતા હતા, તેમણે આ વખતે તેમના ઘમંડની કિંમત ચૂકવવી પડશે.

પશ્ચિમ એશિયામાં વધતું જતું સંકટ, અને આ સંકટનો સામનો કરતા દેખાતા અસહાય અને રક્ષણહીન ટ્રમ્પ, તેમને માત્ર ઉપહાસ માટે ખુલ્લા પાડી રહ્યા નથી, પરંતુ અમેરિકાની પ્રતિષ્ઠાને પણ નુકસાન પહોંચાડી રહ્યા છે. અમેરિકન નીતિ નિર્માતાઓ તેમજ અમેરિકન જનતા માટે ટ્રમ્પ જેવા અસ્થિર વ્યક્તિને રાષ્ટ્રપતિ તરીકે ચૂંટીને શું પ્રાપ્ત કર્યું છે તે ધ્યાનમાં લેવાનો સમય આવી ગયો છે.

અમેરિકા સાથે ઈઝરાયલની રણનીતિ શંકાસ્પદ છે એમાં કોઈ શંકા નથી, પણ ઈરાનનું વલણ પણ એટલું જ ગેરવાજબી છે. ઈરાન એ દર્શાવી રહ્યું છે કે અમેરિકા અને ઈઝરાયલનો સામનો કરીને તેને પોતાના નુકસાનની ચિંતા નથી, અને તેની પ્રાથમિકતા ઊર્જા સંકટને ચરમસીમાએ પહોંચાડવાની અને તેના પડોશીઓને હેરાન કરવાની છે. કદાચ આ નીતિને કારણે જ નુકસાન સહન કરવા છતાં, ખાડી દેશો ઈરાનને હરાવવા માટે ઉત્સુક છે. તેનાથી પણ મોટી વિડંબના એ છે કે વિશ્વના અગ્રણી રાષ્ટ્રો અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચેના સંઘર્ષને રોકવા માટે કોઈ ગંભીર અને નક્કર પહેલ કરી રહ્યા હોય તેવું લાગતું નથી. હવે જ્યારે બધા દેશો બિનઅસરકારક દેખાઈ રહ્યા છે, ત્યારે માનવતાના હિતમાં આ યુદ્ધનો અંત લાવવાની માંગણી કરતો મજબૂત અવાજ ઉઠાવવો જરૂરી બની ગયો છે. જો ભારત આવો અવાજ ઉઠાવી શકે તો સારું રહેશે.

### નેતન્યાહૂએ ટ્રમ્પથી અલગ રસ્તો અપનાવ્યો

## યુદ્ધ ખતમ નહીં કરે, ક્ષેત્રમાં બનાવશે નવું ગઠબંધન

### આયાતુલ્લા શાસને ઈઝરાયલને નકશા પરથી મિટાવવા માટે અત્યાર સુધીમાં અબજો ડૉલરનો ખર્ચ કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઈરાન સામે ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે હવે મધ્ય પૂર્વમાં નવા સમીકરણો રચાઈ રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ સ્પષ્ટ સંકેત આપ્યા છે કે તેઓ ઈરાન વિરુદ્ધ એક નવો મોરચો ખોલવાની તૈયારીમાં છે. તેમણે જાહેરાત કરી છે કે ઈરાન સામે લડવા માટે આ ક્ષેત્રના મહત્ત્વના દેશો સાથે મળીને એક મજબૂત ગઠબંધન તૈયાર કરવામાં આવી રહ્યું છે. જોકે, આ ગઠબંધનમાં કયા દેશો સામેલ છે તેના નામનો ખુલાસો અત્યારે કરવામાં આવ્યો નથી, પરંતુ માનવામાં આવે છે કે આ પગલાથી ઈરાન પર દબાણ વધશે. નેતન્યાહૂના મતે, અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના સહયોગથી કરવામાં આવેલા હુમલાઓએ ઈરાની શાસનના પાયા હચમચાવી દીધા છે.બીજી તરફ, અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પણ ઈરાન મુદ્દે પોતાનો આગામી પ્લાન જાહેર કર્યો છે. ટ્રમ્પે સંકેત આપ્યો છે કે ઈરાન વિરુદ્ધનું ઓપરેશન હવે તેના અંતિમ તબક્કામાં છે અને આગામી બે સપ્તાહમાં તે પૂર્ણ થઈ શકે છે. ટ્રમ્પનું માનવું છે કે આ ઓપરેશન પૂરું થતા જ આંતરરાષ્ટ્રીય બજારમાં તેલની કિંમતોમાં મોટો ઘટાડો થશે. ખાસ વાત એ છે કે, ટ્રમ્પે અન્ય દેશોને સ્પષ્ટ કહી દીધું છે કે તેઓ હોર્મુઝ સ્ટ્રેટમાંથી ઓઈલ લાવવા માટે પોતાની સુરક્ષા જાતે જ કરે. તેમણે ચીન અને ભ્રાન્સ જેવા દેશોને ઉદ્દેશીને કહ્યું કે, હવે અમેરિકા આ બાબતે જવાબદારી લેવાને બદલે અન્ય દેશોને પોતાની સંભાળ રાખવા માટે પ્રોત્સાહિત કરશે.નેતન્યાહૂએ ઈરાની શાસન પર પ્રહાર કરતા જણાવ્યું કે, આયાતુલ્લા શાસને ઈઝરાયલને નકશા પરથી મિટાવવા માટે અત્યાર સુધીમાં અબજો ડૉલરનો ખર્ચ કર્યો છે, પરંતુ તે તમામ સંપત્તિ વેડફાઈ ગઈ છે. ઈઝરાયલે ઈરાનના પરમાણુ કાર્યક્રમ અને તેની બેલેસ્ટિક મિસાઈલ ક્ષમતા પર જોરદાર પ્રહાર કરીને મોટા જોખમોને ટાળી દીધા છે. નેતન્યાહૂએ વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે ઈઝરાયલ અને તેના સાથી દેશોની વ્યૂહનીતિને કારણે ઈરાનનું વર્તમાન શાસન વહેલું-મોડું ચોક્કસપણે પડી ભાંગશે. મધ્ય પૂર્વમાં બની રહેલા આ નવા ગઠબંધનથી આગામી સમયમાં રણનીતિ વધુ આક્રમક બનવાની શક્યતા છે.

### યુદ્ધ વચ્ચે NATO માટે અમેરિકાએ વગાડી ખતરાની ઘંટડી

## ઈરાને દરિયાઈ માર્ગ બંધ કરતા અમેરિકા અને નાટો સામસામે

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

વિશ્વના સૌથી શક્તિશાળી સૈન્ય સંગઠન NATOના ભવિષ્ય પર અત્યારે જોખમ તોળાઈ રહ્યું છે. ઈરાન સામેના યુદ્ધમાં યુરોપીય દેશોએ સહયોગ આપવાની મનાઈ કરી દેતા અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ લાલઘૂમ થયા છે. આ ગંભીર સ્થિતિ વચ્ચે અમેરિકન વિદેશ મંત્રી માર્કો રુબિયોએ સ્પષ્ટ ચીમકી આપી છે કે, ઈરાન સાથેનો સંઘર્ષ પૂરો થયા બાદ અમેરિકા નાટો સાથેના સંબંધો પર પુનર્વિચાર કરશે. રુબિયોએ સવાલ ઉઠાવ્યો છે કે જો અમેરિકા પોતાના હિતો માટે સાથી દેશોના સૈન્ય મથકોનો ઉપયોગ જ ન કરી શકે, તો આવા એકતરફી ગઠબંધનનો શો અર્થ? આ વિવાદની શરૂઆત ત્યારે થઈ જ્યારે ઈરાને હોર્મુઝ સ્ટ્રેટ બંધ કરી દીધી અને ટ્રમ્પે નાટો સહયોગીઓને પોતાના યુદ્ધજહાજો મોકલી આ દરિયાઈ માર્ગ ખોલવા અપીલ કરી. ફ્રાન્સ અને સ્પેન જેવા દેશોએ આ અભિયાનમાં જોડાવાની ના પાડી દેતા ટ્રમ્પ અત્યંત નારાજ થયા છે. તેમણે ટ્રૂથ સોશિયલ પર પોસ્ટ કરીને સાથી દેશોને ડરપોક પણ કહ્યા છે. ટ્રમ્પ લાંબા સમયથી ટીકા કરતા આવ્યા છે કે યુરોપીય દેશો રક્ષા ખર્ચ ઘટાડીને અમેરિકા પર આર્થિક બોજ નાખે છે, પરંતુ આ વખતે ઈરાન સંકટે આ મતભેદોને ખુલ્લા પાડી દીધા છે. તાજેતરની ઘટનાઓએ આ આગમાં ઘી હોમવાનું કામ કર્યું છે.

### રાજ્યમાં "કન્યા કેળવણી મહોત્સવ" થકી દીકરીઓનો શાળા ડ્રોપ આઉટ રેશીયો ૨ ટકા જેટલો નીચે આવ્યો

## મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે દેવકા વિદ્યાપીઠના નવનિર્મિત કન્યા છાત્રાલય અને ભોજનાલયના અદ્યતન સુવિધાસભર બિલ્ડિંગનું લોકાર્પણ

### સમગ્ર રાજ્યમાં સામાન્ય અને ગરીબ પરિવારના દીકરા-દીકરીઓ ભણી ગણીને આગળ વધી શકે તે પ્રકારની શિક્ષણ વ્યવસ્થા કરી છેઃ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના દેવકા વિદ્યાપીઠ ખાતે નવનિર્મિત અદ્યતન કન્યા છાત્રાલય અને ભોજનાલયના નૂતન બિલ્ડિંગનું તકતી અનાવરણ કરીને લોકાર્પણ કર્યું હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, ગુજરાતમાં કન્યા કેળવણી માટેનો મજબૂત પાયો વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મુખ્યમંત્રી તરીકે નાખ્યો હતો. સામાન્ય અને ગરીબ પરિવારના દીકરા-દીકરીઓ ભણી ગણીને આગળ વધી શકે તે પ્રકારની શિક્ષણ વ્યવસ્થા કરી છે.

શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની સફળગાથા પર પ્રકાશ પાડતાં મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરાવેલા કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવને પરિણામે ડ્રોપ આઉટ રેશીયો ઘટીને ૨ ટકા જેટલો નીચે આવ્યો છે.

દિકરીઓને આર્થિક અગવડના કારણે અભ્યાસ અધુરો છોડવો ન પડે તે માટે રાજ્ય સરકારે નમો લક્ષ્મી અને નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજનાઓ શરૂ કરી છે. રાજ્યમાં અત્યારસુધીમાં 'નમો લક્ષ્મી' યોજના હેઠળ ૨૧.૩૪ લાખ દીકરીઓને રૂ. ૧,૪૩૮ કરોડની સહાયનો લાભ પહોંચાડવામાં આવ્યો છે. ઉપરાંત નમો સરસ્વતી' યોજના હેઠળ ૨.૯૬ લાખ વિદ્યાર્થીઓને રૂ. ૨૨૦ કરોડની સહાય રકમ સીધી જ તેમના બેંક ખાતામાં જમા કરવામાં આવી છે.

મુખ્યમંત્રીશ્રીએ શિક્ષણ ક્ષેત્રે રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓને ગેમ ચેન્જર તરીકે વર્ણવતા જણાવ્યું કે, ગુજરાતની દીકરીઓ શિક્ષણ સહિત રમતગમત, સ્ટાર્ટઅપ, સંશોધન અને વહીવટ સહિતના દરેક ક્ષેત્રમાં આગળ વધી રહી છે.

દેવકા વિદ્યાધામમાં શિક્ષણની સાથે જીવનઘડતર અને ચરિત્ર નિર્માણ, ગીતા પાઠ, સંસ્કાર સિંચન જેવા રાષ્ટ્રીય મૂલ્ય નિર્માણના શિક્ષણયજ્ઞને મુખ્યમંત્રીશ્રીએ એક અદ્વિતીય પ્રશંસનીય કામગીરી તરીકે બિરદાવી હતી અને પૂ.ભાઈ શ્રી રમેશભાઈ ઓઝા અને દેવકા વિદ્યાધામને અભિનંદન પાઠવ્યા હતા.

આ દેવકા વિદ્યાપીઠના પ્રણેતા અને ભાગવદ્ કથાકાર પૂ.ભાઈ શ્રી રમેશભાઈ ઓઝાએ તેમની લાગણી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, કોઈપણ રાષ્ટ્રનું ભવિષ્ય તે રાષ્ટ્રના બાળકો છે. આપણે આપણી શિક્ષણ વ્યવસ્થામાં નબળું પ્રદર્શન કરતાં બાળકો પર ધ્યાન કેન્દ્રિત કરીને તેમની પ્રતિભાને ખીલવવાનું કાર્ય કરવા માટે તૈયાર થવું જરૂરી છે. શિક્ષણ થકી જ વિદ્યાર્થીઓની ક્ષમતાઓ નિર્માણ પામે છે. પૂ. ભાઈશ્રીએ ભારતની ક્ષમતાઓને વિશ્વની શ્રેષ્ઠ ક્ષમતાઓ તરીકે બિરદાવતા ઉમેર્યું કે, ભારત આજે વિશ્વ ફલક પર અગ્રણી ભૂમિકા અદા કરી રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૧૨માં તત્કાલીન મુખ્યમંત્રી અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે દેવકા વિદ્યાપીઠનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જળસંપતિ મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલ, રાજ્ય કક્ષા મંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયા પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

દેવકા વિદ્યાપીઠ ગર્લ્સ હોસ્ટેલ અને ભોજનાલય નૂતન બિલ્ડિંગ લોકાર્પણ પ્રસંગે દેવકા વિદ્યાપીઠ શ્રી સૂર્યકાન્ત ઓઝા, ગૌતમભાઈ ઓઝા સહિતના ટ્રસ્ટીશ્રીઓ, ચાપરડા ગુરુકુળ સંચાલક શ્રી મુક્તાનંદ બાપુ, ધારાસભ્ય શ્રી હિરાભાઈ સોલંકી, શ્રી મહેશભાઈ કસવાલા, બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### સુરત ખાતે યોજાનારી VGRCમાં દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતના ૧૬ જિલ્લાઓને આવરી લેવામાં આવશે

## આગામી ગુજરાત સ્થાપના દિને સુરત ખાતે આયોજિત થશે વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ (VGRC) દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાત

માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના દૂરંદેશી માર્ગદર્શન અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સક્ષમ નેતૃત્વ હેઠળ, દક્ષિણ અને મધ્ય ગુજરાતના પ્રાદેશિક વિકાસને વેગ આપવા માટે આગામી ૧ અને ૨ મે, ૨૦૨૬ ના રોજ સુરત ખાતે 'વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ' (VGRC)નું ભવ્ય આયોજન કરવામાં આવશે. આ કોન્ફરન્સનો મુખ્ય ઉદ્દેશ્ય પ્રાદેશિક સ્તરે ઔદ્યોગિક રોકાણોને આકર્ષવાનો અને સ્થાનિક ઉદ્યોગોને વૈશ્વિક બજાર સાથે જોડી 'વિકસિત ભારત @૨૦૪૭'ના વિઝનને સાકાર કરવાનો છે. ૧ મે, ગુજરાત સ્થાપના દિવસના રોજ યોજાનારી આ કોન્ફરન્સ રાજ્યના આર્થિક પરિદ્રશ્યમાં એક સીમાચિહ્નરૂપ સાબિત થશે.

આ મહત્વપૂર્ણ કોન્ફરન્સમાં દક્ષિણ ગુજરાતના ભરૂચ, ડાંગ, નવસારી, સુરત, તાપી અને વલસાડ તેમજ મધ્ય ગુજરાતના અમદાવાદ, આણંદ, છોટાઉદેપુર, દાહોદ, ગાંધીનગર, ખેડા, મહિસાગર, નર્મદા, પંચમહાલ અને વડોદરા સહિત કુલ ૧૬ જિલ્લાઓના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. આ કાર્યક્રમ માત્ર પ્રાદેશિક સિદ્ધિઓના પ્રદર્શન પૂરતો મર્યાદિત ન રહેતા, નવીનતાને પ્રોત્સાહન આપવા અને વ્યૂહાત્મક રોકાણો દ્વારા રાજ્યની વિકાસગાથાને વધુ મજબૂત બનાવવાના સબળ માધ્યમ તરીકે કાર્ય કરશે. ફર્સ્ઈઝના સફળ પરિણામોને આગામી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટના મંચ પર પણ પ્રદર્શિત કરવામાં આવશે.


કોન્ફરન્સ દરમિયાન વિવિધ ક્ષેત્ર-વિશિષ્ટ સેમિનારોનું આયોજન કરવામાં આવશે, જેમાં રસાયણો અને પેટ્રોકેમિકલ્સ, કાપડ, જેમ્સ અને જ્વેલરી, ફાર્માસ્યુટિકલ્સ, ગ્રીન એનર્જી ઈકોસિસ્ટમ, અને આઈટી જેવા ઉભરતા ક્ષેત્રો પર વિશેષ ભાર મૂકવામાં આવશે. આ ઉપરાંત, એરોસ્પેસ, સંરક્ષણ, ફિનટેક, બાયોટેક/બાયોફાર્મા, ESDM, IT & ITeS અને એમ.એસ.એમ.ઈ જેવા ક્ષેત્રોમાં રહેલી વિપુલ તકો વિશે પણ ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવશે. આ કાર્યક્રમની સાથે જ એક વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ એક્ઝિબિશન (VGRE) પણ યોજાશે, જેમાં વેન્ડર ડેવલપમેન્ટ પ્રોગ્રામ, ઉદ્યમી મેળા અને ઈન્ટરનેશનલ રિવર્સ બાયર સેલર મીટ જેવા આકર્ષણો સ્થાનિક ઉદ્યોગસાહસિકોને આંતરરાષ્ટ્રીય એક્સપોઝર પૂરું પાડશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકાર દ્વારા સંતુલિત પ્રાદેશિક વિકાસના અભિગમ સાથે અગાઉ તારીખ ૯-૧૦ ઓક્ટોબર ૨૦૨૫ માં મહેસાણા ખાતે ઉત્તર ગુજરાત અને તારીખ ૧૧-૧૨ જાન્યુઆરી ૨૦૨૬ માં રાજકોટ ખાતે સૌરાષ્ટ્ર-કચ્છ માટે સફળતાપૂર્વક આવી કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજકોટ ખાતે યોજાયેલી પરિષદમાં જાપાન, દક્ષિણ કોરિયા, રવાન્ડા અને યુક્રેન જેવા દેશોએ ભાગીદાર તરીકે જોડાઈને વૈશ્વિક સહયોગના દ્વાર ખોલ્યા હતા. હવે સુરત ખાતે યોજાનારી આગામી કોન્ફરન્સ દક્ષિણ અને મધ્ય ગુજરાતના પાયાના ઉદ્યોગોને સશક્ત બનાવીને રાજ્યના સર્વગ્રાહી વિકાસમાં નવું પ્રકરણ ઉમેરશે.

## હવે જમીનના દસ્તાવેજ થયાના દિવસે જ પડશે પાકી એન્ટ્રીઃ માત્ર ૭ જ દિવસ માં જમીન જે તે વ્યકિતના નામે

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજય સરકારે મહેસુલ તંત્રમાં પ્રવર્તતી જટીલતાઓ દુર કરીને પારદર્શીતા લાવવા તેમજ સામાન્ય જનતાને પડતી મુશ્કેલીઓને દુર કરવા એક ક્રાંતિકારી નિર્ણય કર્યો છે. આ નિર્ણય અંગે માહિતી આપતા રાજયના પ્રવકતા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યુ હતુ કે મહેસુલી સરળીકરણ માટે જમીન મહેસુલ અધિનિયમ ૧૮૭૯ ની કલમ ૧૩૫ ડી ની જોગવાઈમાં મહત્વપૂર્ણ સુધારા કરવામાં આવ્યા છે. આ સુધારાથી હવે કાયદેસરની જમીન અથવા મિલ્કતના વ્યવહારોમાં નાગરીકોને ૩૦ દિવસની નોટીસના સમયગાળાની રાહ જોવામાંથી મુકિત મળશે.




મંત્રીએ વધુમાં જણાવ્યુ હતુ કે અત્યાર સુધી જમીન કે મિલ્કતના વેચાણ વ્યવહારોમાં ૩૦ દિવસની ફરજીયાત નોટીસના કારણે સામાન્ય જનતાએ લાંબી રાહ જોવી પડતી હતી. આ સમયગાળાનો ખોટી રીતે ગેર લાભ લેનાર કેટલાક તત્વો ખોટા વાંધા વચકા ઉઠાવીને વેચનાર કે ખરીદનાર પાસેથી નાણાં પડાવવાનુ (બ્લેક મેઈલીંગ) કામ કરતા હતા. મુખ્યમંત્રીએ આ જટીલતાને સમજીને ખેડુતો અને મધ્યમવર્ગના હિતમાં ૧૩૫ ડી ની ૩૦ દિવસની નોટીસની અનિવાર્યતામાંથી મુકિત આપવાનો સાહસિક નિર્ણય લીધો છે. મંત્રીએ વધુમાં કહ્યુ હતુ કે નવા સુધારા પ્રમાણે રેકોર્ડ પર જમીન છેલ્લા એક વર્ષ કે તેથી વધુ સમય થી કોઈ ફેરફાર નોંધ ન હોય , જમીન પર કોઈ લીટીગેશન કે દાવો પડતર ન હોય અને શાંત કબ્જો હોય તેમજ ૭/૧૨ ના રેકર્ડ પર દેખાતા તમામ હક્કદારોએ વેચાણ દસ્તાવેજમાં સહી કરી હોય તેવા વ્યવહારોમાં ૧૩૫ ડી ની નોટીસ વગર તે જ દિવસે વેચાણ દસ્તાવેજની નોધ પાડવામાં આવશે. આવા કિસ્સાઓમાં ૧૩૫ ડી ની નોટીસ બજાવવાની પ્રક્રિયા સિવાય સીધી નોધનો નિર્ણય લેવામાં આવશે અને વેચાણની નોંધ તુરંત પ્રમાણિત કરીને પાકી એન્ટ્રી કરવામાં આવશે.

આ ઉપરાંત સક્ષમ અદાલત કે ટ્રીબ્યુનલ દ્વારા આપવામાં આવેલા હુકમોની નોંધ વખતે પણ હવે ૧૩૫ ડી ની નોટીસ બજાવવાની રહેશે નહી. તેની સીધી જ અમલવારી કરવામાં આવશે તેવુ તેમણે ઉમેર્યુ હતું. જો એક વર્ષની અંદર રેકોર્ડમાં કોઈ ફેરફાર થયો હોય, વેચાણ પાવર ઓફ એટર્ની (પીઓએ) દ્વારા કરવામાં આવ્યુ હોય, ૭/૧૨ માં દેખાતા તમામ વ્યકિતઓની દસ્તાવેજમાં સહી ન હોય અથવા કોઈ કેસ પેન્ડીંગ હોય તેવા તપાસની જરૂરીયાતવાળા કિસ્સામાં નોટીસ નો સમયગાળો ૩૦ દિવસથી ઘટાડીને માત્ર ૭ દિવસ કરવામાં આવ્યો છે. આ ૭ દિવસમાં સાચા હક્કદારો પોતાના આધાર પુરાવા રજુ કરી શકશે , જેથી કોઈને અન્યાય ન થાય, આ સુધારાઓથી રાજયના ખેડુતો, મિલ્કત ખરીદનારાઓ અને સામાન્ય જનતાને બિનજરૂરી કાયદાકીય ગુંચવણ અને વિલંબમાંથી કાયમી મુકિત મળશે. સાથે જ સીધી લીટીના વારસદારો વચ્ચે થતી તબદીલીમાં પણ હવે બિનજરૂરી હેરાનગતી બંધ થશે તેવુ તેમણે કહ્યુ હતું. મંત્રીએ વધુમાં જણાવ્યુ હતુ કે આ સુધારો માત્ર ખેતીની જમીન માટે જ નહી પરંતુ દુકાન, ફલેટ અને રહેણાંકના મકાનો લેતી સામાન્ય જનતા માટે પણ આશીર્વાદરૂપ છે.

સીધીલીટીના વારસદારોના વ્યવહારોમાં પણ હવે સરળતા રહેશે, રેવન્યુ કોર્ટમાં મામલતદાર થી લઈને એસ એસ આર ડી સુધી ચાલતા કેસો, જે માત્ર ૧૩૫ ડી ના વાંધાને લીધે વિલંબમાં હતા તેનો ઝડપથી નિકાલ આવશે, ભવિષ્યમાં તકરારી કેસો ખુબ ઘટશે અને સૌથી મહત્વપૂર્ણ મિલ્કતના ભાવ વધતા કેટલાક લોકો જુના બાનાખત-કાચી ચીઠ્ઠીના આધારે ખોટા વાંધા ઉઠાવીને રકમ પડાવતા હતા. તે બ્લેકમેઈલીંગ પણ હવે બંધ થશે. પરીણામે ખરીદનાર અને વેચનાર હવે કોઈપણ ડર વગર નિર્ભય થઈને વ્યવહાર કરી શકશે.

## ATFનો ભાવ ડબલ, સરકારે કહ્યું- અમારા કંટ્રોલમાં નથી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

એપ્રિલ મહિનાની શરૂઆત સાથે જ હવાઈ મુસાફરી કરતાં મુસાફરોને મોંઘવારીનો મોટો ઝટકો લાગ્યો છે. ૧ એપ્રિલ, ૨૦૨૬થી એર ટર્બાઈન ફયુલ(ATF) એટલે કે વિમાનના ઈંધણના ભાવમાં ૧૦૦ ટકાનો જંગી વધારો ઝીંકવામાં આવ્યો છે. ઈતિહાસમાં પ્રથમ વખત ATFની કિંમત પ્રતિ કિલોલીટર ૨ લાખ રૂપિયાના સ્તરને પાર કરી ગઈ છે. દિલ્હીમાં જેટ ફયુલનો ભાવ જે ૧ માર્ચે ૯૬,૬૩૮ રૂપિયા હતો, તે હવે વધીને રૅકોર્ડબ્રેક ૨.૦૭ લાખ રૂપિયા પ્રતિ કિલોલીટર થઈ ગયો છે. આ ભાવવધારા પાછળ મુખ્યત્વે અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલું યુદ્ધ અને તેના કારણે વ્યૂહાત્મક રીતે મહત્ત્વની ગણાતી હોર્મુઝ સ્ટ્રેટ બંધ હોવાને જવાબદાર માનવામાં આવે છે.

### ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - બુધવાર, ૦૧/૦૪/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | ૨૨૪૭ | ૩૦૦.૦૦ | ૬૬૫.૦૦ |
| ૨ | મગફળી | ૦ | ૧,૦૧૦.૦૦ | ૧,૪૮૦.૦૦ |
| ૩ | એરંડા | ૨૪૫ | ૧,૨૭૫.૦૦ | ૧,૨૯૩.૦૦ |
| ૪ | રાયડો | ૧૦ | ૧,૨૫૦.૦૦ | ૧,૨૬૮.૦૦ |
| ૫ | બાજરી | ૦ | ૪૪૦.૦૦ | ૪૮૦.૦૦ |
| ૬ | મકાઇ | ૩૨૦ | ૨૮૦.૦૦ | ૪૧૭.૦૦ |
| ૭ | ચણા | ૩ | ૯૯૫.૦૦ | ૧,૦૪૫.૦૦ |
| ૮ | ચણા ( કાબુલી ) | ૪૨ | ૧,૫૮૦.૦૦ | ૧,૭૦૨.૦૦ |

મુનિમજી સોફ્ટવેર

### યુદ્ધમાંથી ટ્રમ્પના એક્ઝિટ પ્લાન બાદ ઈરાનની ધમકી

## અમે કોઈપણ દબાણ હેઠળ નમીને વાતચીત કરવા માટે તૈયાર નથી

(સંપૂર્ણ સમાચાર સેવા)તેહરાન

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલો સંઘર્ષ હવે ચરમસીમાએ પહોંચ્યો હોય તેમ જણાય છે. ઈરાને અમેરિકા અને ઈઝરાયલને કડક સંદેશ આપતા હોર્મુઝ સ્ટ્રેટ ખોલવાનો કે કોઈપણ પ્રકારની મંત્રણા કરવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો છે. ઈરાની સંસદના ડેપ્યુટી સ્પીકરે ભારપૂર્વક જણાવ્યું છે કે, યુદ્ધ, શાંતિ કે વાતચીત અંગેના તમામ નિર્ણયો માત્ર ઈરાનના સર્વોચ્ચ નેતાના અધિકારક્ષેત્રમાં આવે છે અને હાલમાં આવી કોઈ પરવાનગી આપવામાં આવી નથી. આટલું જ નહીં, ઈરાને હવે આ મહત્ત્વપૂર્ણ જળમાર્ગ પરથી પસાર થતા જહાજો પર ટોલ ટેક્સ વસૂલવાની નવી યોજનાને પણ મંજૂરી આપી દીધી છે, જેનાથી આંતરરાષ્ટ્રીય સ્તરે વિવાદ વધ્યો છે. હોર્મુઝ સ્ટ્રેટમાં જહાજોની અવરજવર લગભગ ઠપ થઈ જવાથી વૈશ્વિક ઓઈલ પુરવઠા પર માઠી અસર પડી છે. ક્રૂડ ઓઈલના ભાવમાં જોરદાર ઉછાળો આવતા દુનિયાભરની અર્થવ્યવસ્થા પર સંકટના વાદળો છવાયા છે. ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ પણ વોશિંગ્ટન સાથેના પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ સંદેશા વ્યવહારના તમામ અહેવાલોને નકારી કાઢ્યા છે. ઈરાનનું વલણ સ્પષ્ટ છે કે તે કોઈપણ દબાણ હેઠળ નમીને વાતચીત કરવા તૈયાર નથી. બીજી તરફ, અમેરિકાએ આ મામલે આક્રમક વલણ અપનાવ્યું છે. અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોએ ચેતવણી આપી છે કે ઈરાને કાં તો આંતરરાષ્ટ્રીય કાયદાનું પાલન કરવું પડશે, અન્યથા અમેરિકા સમર્થિત ગઠબંધન આ દરિયાઈ માર્ગને ખુલ્લો રાખવાની ખાતરી કરશે. અમેરિકાના સંરક્ષણ મંત્રી પીટ હેગસેથે પણ આ જળમાર્ગની સુરક્ષા માટે સૈન્ય તૈયારીઓનો સંકેત આપ્યો છે. આ દરમિયાન અમેરિકન પ્રમુખ ટ્રમ્પે એક મહત્ત્વનું નિવેદન આપતા કહ્યું છે કે, અમેરિકા બે-ત્રણ અઠવાડિયામાં આ સંઘર્ષમાંથી બહાર નીકળી શકે છે અને યુદ્ધ સમાપ્ત કરવા માટે ઈરાનને કોઈ સમજૂતીની જરૂર નથી.

ગરવી ગુજરાત





- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ ક્રૂડ તેલના વાયદામાં રૂ.૨૯૩નો ઘટાડોઃ સોનાના વાયદામાં રૂ.૨૨૮૧ અને ચાંદીના વાયદામાં રૂ.૮૩૯ની વૃદ્ધિ

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૧૦૮૧.૬૯ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૮૮૪૫૦.૯૮ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૯૪૪૮.૦૭ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૬૫૦૫ પોઈન્ટના સ્તરે




મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૧૧૯૫૩૩.૬૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૧૦૮૧.૬૯ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૮૮૪૫૦.૯૮ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ એપ્રિલ વાયદો ૩૬૫૦૫ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૩૧૧૦.૩૭ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૯૪૪૮.૦૭ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૯૪૬૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૪૯૬૦૧ અને નીચામાં રૂ.૧૪૮૫૫૦ના મથાળે અથડાઈ, રૂ.૧૪૬૯૧૯ના આગલા બંધ સામે રૂ.૨૨૮૧ વધી રૂ.૧૪૯૨૦૦ થયો હતો. ગોલ્ડ-ગિની એપ્રિલ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૧૬૨૭ વધી રૂ.૧૨૧૬૨૧ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-પેટલ એપ્રિલ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૨૦૨ વધી રૂ.૧૫૨૩૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૧૫૯ વધી રૂ.૧૪૯૮૫૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૦૦૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૧૭૨૫ અને નીચામાં રૂ.૧૪૯૯૦૦ના સ્તરને સ્પર્શી, રૂ.૧૪૯૬૦૫ના આગલા બંધ સામે રૂ.૧૯૭૫ વધી રૂ.૧૫૧૫૮૦ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો કિલોદીઠ રૂ.૨૩૯૨૫૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૪૨૪૯૮ અને નીચામાં રૂ.૨૩૮૫૦૧ના મથાળે અથડાઈ, રૂ.૨૪૦૮૯૨ના આગલા બંધ સામે રૂ.૮૩૯ વધી રૂ.૨૪૧૭૩૧ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ.૧૧૧૩ વધી રૂ.૨૪૪૮૪૬ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો રૂ.૧૧૨૫ વધી રૂ.૨૪૫૦૧૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ. ૨૩૪૫.૨૨ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું એપ્રિલ વાયદો રૂ.૧.૭ વધી રૂ.૧૧૬૫.૪ના સ્તરે પહોંચ્યો હતો. જસત એપ્રિલ વાયદો રૂ.૧.૫૫ વધી રૂ.૩૨૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ એપ્રિલ વાયદો રૂ.૨.૯૫ વધી રૂ.૩૫૩.૫૫ના સ્તરે પહોંચ્યો હતો. સીસું એપ્રિલ વાયદો ૧૦ પૈસા વધી રૂ.૧૯૫.૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૯૨૭૭.૧૪ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી એપ્રિલ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૮૫૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૫૪૦ અને નીચામાં રૂ.૪૮૫૦ના સ્તરને સ્પર્શી, રૂ.૪૦૭ વધી રૂ.૫૪૯૧ થયો હતો. ક્રૂડ તેલ એપ્રિલ વાયદો બેરલદીઠ રૂ.૯૬૭૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૮૪૪ અને નીચામાં રૂ.૯૦૨૯ના મથાળે અથડાઈ, રૂ.૯૫૬૭ના આગલા બંધ સામે રૂ.૨૯૩ ઘટી રૂ.૯૨૭૪ થયો હતો. ક્રૂડ તેલ-મિની એપ્રિલ વાયદો રૂ.૨૯૧ ઘટી રૂ.૯૨૭૨ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ એપ્રિલ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૫ ઘટી રૂ.૨૬૯.૩ થયો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ વાયદો રૂ.૫ ઘટી રૂ.૨૬૯.૩ના સ્તરે પહોંચ્યો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ એપ્રિલ વાયદો કિલોદીઠ રૂ.૧૦૫૦ના ભાવે ખૂલી, ૧૦ પૈસા ઘટી રૂ.૧૦૪૩.૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કોટન એપ્રિલ વાયદો રૂ.૧૦૩૦ વધી રૂ.૨૭૦૩૦ના ભાવે બોલાયો હતો. એલચી એપ્રિલ વાયદો કિલોદીઠ રૂ.૨૪૩૦ના ભાવે ખૂલી, રૂ.૩ વધી રૂ.૨૪૬૨ થયો હતો.

કામકાજની દ્રષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૩૪૭૬.૯૬ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૫૯૭૧.૧૧ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૧૩૭૯.૭૨ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૭૩૧.૯૨ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૧૧.૬૧ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૨૨૧.૯૭ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૩૭.૮૦ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૭૯૨૬.૫૩ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૩૧૨.૮૦ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૭૬૪૩ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૫૨૧૩૯ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૬૩૮૨ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૪૪૮૧૫ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૫૨૨૬૬ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૬૯૮૮ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૧૮૯૭૮ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૭૩૧૭૬ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૮૦૭ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૦૧૯૫ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૩૩૩૧૮ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ એપ્રિલ વાયદો ૩૬૦૦૧ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૬૫૦૫ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૬૦૦૧ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૬૧૪ પોઈન્ટ વધી ૩૬૫૦૫ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૧૨૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૭૧.૯ ઘટી રૂ.૧૬૮.૬ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૩.૦૫ ઘટી રૂ.૧૫.૩૫ થયો હતો.

સોનું એપ્રિલ રૂ.૨૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૪૮.૫ ઘટી રૂ.૨૦૨.૫ થયો હતો. આ સામે ચાંદી એપ્રિલ રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૬૩ ઘટી રૂ.૧૬૮૬.૫ થયો હતો. તાંબું એપ્રિલ રૂ.૧૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૨૭ પૈસા ઘટી રૂ.૧૮.૫ના ભાવે બોલાયો હતો. જસત એપ્રિલ રૂ.૩૨૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૬૪ વધી રૂ.૫.૫ થયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની એપ્રિલ રૂ.૧૨૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૭૩.૮૫ ઘટી રૂ.૧૭૩.૬ થયો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૧૫ ઘટી રૂ.૯.૪૫ થયો હતો. સોનું-મિની એપ્રિલ રૂ.૧૭૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૮.૫ ઘટી રૂ.૭૫૪ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની એપ્રિલ રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૬૨.૫ ઘટી રૂ.૧૮૧૬.૫ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૮.૫ વધી રૂ.૨૬૩.૯ થયો હતો. જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૪૫ વધી રૂ.૧૬.૬૫ના ભાવે બોલાયો હતો.

સોનું એપ્રિલ રૂ.૧૨૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૬૭.૫ ઘટી રૂ.૨૮૮ થયો હતો. આ સામે ચાંદી એપ્રિલ રૂ.૧૮૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૪૬૬.૫ ઘટી રૂ.૧૩૫૧ના ભાવે બોલાયો હતો. તાંબું એપ્રિલ રૂ.૧૧૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૪૯ પૈસા ઘટી રૂ.૧૧.૫૩ થયો હતો. જસત એપ્રિલ રૂ.૩૦૭.૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૧૧ પૈસા વધી રૂ.૨ના ભાવે બોલાયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની એપ્રિલ રૂ.૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૯૫.૧૫ વધી રૂ.૬૫૬ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૬ વધી રૂ.૧૭.૦૫ થયો હતો. સોનું-મિની એપ્રિલ રૂ.૧૪૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૮૬૭.૫ ઘટી રૂ.૧૮૦૧.૫ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની એપ્રિલ રૂ.૨૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૬૯ ઘટી રૂ.૨૫૨૨ના ભાવે બોલાયો હતો.

# ભાવનગર સ્થિત સવારી ડિબ્બા મરામત કારખાનામાં રાજભાષા સંબંધિત નિરીક્ષણ અને હિન્દી કાર્યશાળાનું સફળ આયોજન



પશ્ચિમ રેલવેના રાજભાષા વિભાગ દ્વારા તા. ૩૧-૦૩-૨૦૨૬ના રોજ ભાવનગર પરા સ્થિત પશ્ચિમ રેલવેના સવારી ડિબ્બા મરામત કારખાનાનું રાજભાષા સંબંધિત નિરીક્ષણ કરવામાં આવ્યું. આ દરમિયાન મુખ્ય કારખાના પ્રબંધક શ્રી રાકેશ કુમાર ખરાડીના માર્ગદર્શન હેઠળ રાજભાષા હિન્દી સંબંધિત નિયમોની માહિતી આપવા માટે એક કાર્યશાળાનું આયોજન પણ કરવામાં આવ્યું. કારખાનાના તમામ અધિકારીઓ અને કર્મચારીઓએ કાર્યશાળામાં ભાગ લઈ વધુમાં વધુ કાર્ય રાજભાષા હિન્દીમાં કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી.

પશ્ચિમ રેલવેના મુખ્ય કાર્યાલયના રાજભાષા વિભાગની વરિષ્ઠ રાજભાષા અધિકારી શ્રીમતી સુનીતા અહીરે દ્વારા તા. ૩૧-૦૩-૨૦૨૬ના રોજ ભાવનગર પરા સ્થિત સવારી ડિબ્બા મરામત કારખાનામાં રાજભાષા સંબંધિત નિરીક્ષણ કરવામાં આવ્યું. નોંધનીય છે કે રાજભાષા અધિનિયમ ૧૯૬૩ અનુસાર કેન્દ્ર સરકારના દેશભરના તમામ કચેરીઓમાં સરકારી કામકાજ હિન્દીમાં કરવામાં આવવું જોઈએ. આ અધિનિયમના યોગ્ય પાલન માટે પશ્ચિમ રેલવેનો રાજભાષા વિભાગ સમયાંતરે આવા નિરીક્ષણો કરે છે.

વરિષ્ઠ રાજભાષા અધિકારી શ્રીમતી સુનીતા અહીરે કારખાનાના વિવિધ વિભાગોમાં જઈ સરકારી કામકાજ સંબંધિત ભૌતિક તથા ઈ-ઓફિસ ફાઈલોનું નિરીક્ષણ કર્યું અને રાજભાષા નિયમોના પાલન અંગે સંતોષ વ્યક્ત કર્યો. તેમણે આનંદ વ્યક્ત કરતા જણાવ્યું કે ભાવનગર કારખાનાના કર્મચારીઓ રાજભાષા નિયમો પ્રત્યે જાગૃત છે અને પોતાનું સરકારી કામકાજ હિન્દીમાં કરે છે. તેમણે વધુમાં જણાવ્યું કે ભારતના મોટા ભાગના નાગરિકો હિન્દી બોલે અને સમજે છે અને તેની સંખ્યા સતત વધી રહી છે. તેથી આપણું સંવિધાનિક કર્તવ્ય છે કે સરકારી કામકાજ હિન્દીમાં કરવામાં આવે જેથી સામાન્ય જનતા સાથેનો સંવાદ સરળ, પારદર્શક અને સમાવેશક બને અને તેઓ સરકારી યોજનાઓનો લાભ સરળતાથી લઈ શકે. આ રાજભાષા અધિનિયમ ૧૯૬૩ અને રાજભાષા નિયમો ૧૯૭૬ અંતર્ગત આપણી પ્રતિબદ્ધતા દર્શાવે છે. સંસદીય રાજભાષા સમિતિના નિર્દેશ મુજબ સરકારી કામકાજ હિન્દીમાં કરવું આવશ્યક છે અને સમિતિ તેના નિરીક્ષણ દરમિયાન આ બાબતો પર ખાસ ધ્યાન આપે છે. તેમણે કર્મચારીઓને પોતાનું સંપૂર્ણ કાર્ય હિન્દીમાં કરવા અનુરોધ કર્યો અને નિયમોના વધુ સારા અમલીકરણ માટે માર્ગદર્શન આપ્યું. આ પ્રસંગે મુખ્ય કારખાના પ્રબંધક શ્રી રાકેશ કુમાર ખરાડીના માર્ગદર્શન હેઠળ રાજભાષા કાર્યશાળાનું આયોજન પણ કરવામાં આવ્યું, જેથી કારખાનાના તમામ અધિકારીઓ અને કર્મચારીઓ રાજભાષા નિયમો વિશે વધુ જાણકારી મેળવી શકે. આ કાર્યશાળામાં શ્રીમતી સુનીતા અહીરે રાજભાષા નિયમો અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું. કાર્યશાળામાં ૫૦થી વધુ અધિકારીઓ અને કર્મચારીઓએ ભાગ લીધો.

અંતમાં વરિષ્ઠ સહાયક નાણાકીય સલાહકાર તથા સંપર્ક રાજભાષા અધિકારી શ્રી રત્નેશ કુમારે આભાર વ્યક્ત કરતા જણાવ્યું કે આ કાર્યશાળાથી રાજભાષા નિયમોને વિગતવાર સમજવાની તક મળી છે અને ભાવનગર કારખાનું રાજભાષા નિયમોના પાલન માટે હંમેશા પ્રતિબદ્ધ રહેશે.

# સાવધાન!! નિરંકુશ બનેલા સોશિયલ મીડિયા ઉપર અંકુશ જરૂરી?

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

માનવીને જ્યારે નશો ચઢે છે ત્યારે એનો નાશ નિશ્ચિત હોય છે. અર્થાત બરબાદી. આ નશો સત્તાનો હોય, પૈસાનો હોય, દારૂનો હોય, પદનો હોય કે અન્ય કોઈ પણ પ્રકારના નશામાં અતિરેક થાય છે ત્યારે એ અતિરેક હંમેશા નાશ જ નોંતરે છે.

અને આ જ બાબત સોશિયલ મીડિયા માટે પણ એટલી જ સાચી છે. જ્યારે દેશ અને દુનિયામાં ઈન્ટરનેટનું આગમન થયું ત્યારે સૌ કોઈ તેના કાર્યથી અંજાઈ ગયા અને આજે એ પરિસ્થિતિ થઈ ગઈ છે કે ઈન્ટરનેટ વિનાના જીવનની કલ્પના કરવી પણ શક્ય નથી લાગતી.

આ ઈન્ટરનેટના આગમનથી રોજીંદા જીવનમાં જાણે કે ક્રાંતિ થઈ ગઈ અને પહેલા જે કામમાં દિવસો કે કલાકો લાગતા એ કામ ચપટી વગાડતા એ જ ક્ષણે થવા લાગ્યા. ઈ-મેઈલથી માંડીને ઓડિયો-વિડીયો સહિતના મીડિયાનું હસ્તાંતરણ એટલું ઝડપથી થવા લાગ્યું કે સોશિયલ મીડિયાનો એક નવો યુગ શરૂ થયો અને એમાં ફેસબુક, ઈનસ્ટાગ્રામ, વ્હોટ્સએપ, યુટ્યુબ વિગેરે વિગેરેના આગમનથી તો જાણે કે સાવ સામાન્ય માનવીના હાથોમાં પણ દુનિયા ભરની માહિતી આવી ગઈ.

આ માહિતીનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવાનું સ્વાભાવિક પણે જ સામાન્ય માનવીનું ગજું હોય નહીં અને એના દુષ્પરિણામો હવે દુનિયા સમક્ષ આવવા લાગ્યા છે.

સોશિયલ મીડિયાના આગમનથી માહિતીના પ્રવાહમાં પ્રચંડ વધારો થયો જાહેર અભિવ્યક્તિ માટે જાતજાતના નવા રસ્તાઓ ખુલ્યા અને સર્જનાત્મકતા દર્શાવવા માટે એક નવું પ્લેટફોર્મ મળ્યું તે વાતનો ઈક્રાર કરી શકાય નહીં. પરંતુ જો તકેદારી અને સાવધાની રાખવામા ન આવે તો ટેકનોલોજી ધ્વારા આપવામાં આવતી સુવિધા ઘણીવાર મુશ્કેલીનું કારણ પણ બની શકે છે. જેની શરૂઆત દુનિયામાં થઈ પણ ગઈ છે.

### હોર્મુઝ સંકટથી ભારત બન્યું માલામાલ

# એક જગ્યાથી માલ ખરીદીને બીજી જગ્યાએ વેચી ભારતે કમાઈ લીધા અબજો રુપિયા

### માર્ચ મહિનામાં ભારતનું ડીઝલ નિકાસ ઝડપથી વધ્યું છે, જેનાથી રિફાઈનિંગ કંપનીઓને મોટો ફાયદો થયો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પશ્ચિમ એશિયામાં વધતા તણાવની અસર ભારતના તેલ વેપાર પર દેખાવા લાગી છે. માર્ચ મહિનામાં, ભારતની ડીઝલ નિકાસમાં લગભગ ૨૦ ટકાનો વધારો થયો હતો. વૈશ્વિક બજારમાં માર્જિન વધતાં રિફાઈનરી કંપનીઓ વધુ નફો મેળવી રહી છે. આ પરિવર્તનના પ્રતિભાવમાં, ભારતે આંતરરાષ્ટ્રીય બજારમાં પણ તેની વ્યૂહરચનામાં ફેરફાર કર્યો છે.

પશ્ચિમ એશિયામાં વધતા તણાવ અને ઈરાન સાથે સંબંધિત પરિસ્થિતિની અસર હવે ભારતમાં ઓઈલ બિઝનેસ પર પણ સ્પષ્ટ દેખાઈ રહી છે. માર્ચ મહિનામાં ભારતનું ડીઝલ નિકાસ ઝડપથી વધ્યું છે, જેનાથી રિફાઈનિંગ કંપનીઓને મોટો ફાયદો થયો છે. રિપોર્ટ અનુસાર, કાચા તેલ અને તૈયાર ઈંધણના ભાવ વચ્ચે અંતર વધવાથી વિદેશી માર્કેટમાં વેચાણ વધુ લાભદાયક થયું છે. ડીઝલ એક્સપોર્ટમાં વધારો, ૨૦ ટકાનો થયો વધારો :- રિપોર્ટ અનુસાર, માર્ચમાં ભારતનો ડીઝલ એક્સપોર્ટ લગભગ ૨૦ ટકા વધીને ૧૨.૯ મિલિયન બેરલ સુધી પહોંચી ગયું છે. ફેબ્રુઆરીમાં આ આંકડો ૧૦.૭૪ મિલિયન બેરલ હતો.

રસપ્રદ બાબત એ છે કે ડીઝલનું એક્સપોર્ટ વધવાની સાથે કુલ રીફાઈન્ડ પેટ્રોલિયમ પ્રોડક્ટ્સનું એક્સપોર્ટ ૮ ટકા ઘટ્યું છે. જેનો અર્થ સ્પષ્ટ છે કે ભારતીય કંપનીઓ હવે વધુ પ્રોફિટ આપનાર પ્રોડક્ટ્સ પર ધ્યાન આપી રહી છે.

ડીઝલ અને જેટ ફ્યુલ જેવા મિડલ ડિસ્ટિલેટ્સની ડિમાન્ડ અને ભાવ બંને વધવાથી આ ફેરફાર જોવા મળ્યો છે. પ્રોફિટ વધારવાની સ્ટ્રેટેજીઃ રિફાઈનરીએ બદલી દિશા - એક્સપર્ટ્સ અનુસાર, ઈરાન સાથે સંબંધિત સ્ટ્રેસ અને સપ્લાયમાં અનિશ્ચિતતાના કારણે ગ્લોબલ માર્કેટમાં ડીઝલ અને જેટ ફ્યુલની ઉણપ અનુભવાઈ રહી છે. જેનાથી આ પ્રોડક્ટ્સના "ક્રેક સ્પ્રેડ" એટલે કે ક્રૂડ ઓઈલ અને તૈયાર ઈંધણના ભાવ વચ્ચે અંતર વધ્યું છે. આ તકનો ફાયદો ઉઠાવતાં ભારતીય રિફાઈનરી કંપનીઓએ પોતાના પ્રોડક્શનમાં ફેરફાર કર્યો છે અને ડીઝલનું ઉત્પાદન વધારી દીધું છે. જેનાથી તેમને ઈન્ટરનેશનલ માર્કેટમાં વધુ ભાવ મળી રહ્યા છે અને નફો પણ વધી રહ્યો છે. વૈશ્વિક પરિસ્થિતિની અસરઃ આગામી સમયમાં રહી શકે છે આ ટ્રેન્ડ - સ્ટ્રેટ ઓફ હોર્મુઝ (Strait of Hormuz)ની આસપાસ વધતા સ્ટ્રેસના કારણે કાચા તેલની સપ્લાઈ પર અસર થઈ શકે છે, જેનાથી ભાવમાં ઉતાર-ચઢાવ દેખાઈ રહ્યો છે. જોકે તેની અસર બધા જ ઈંધણો પર સમાન રૂપે નથી થઈ.

જ્યાં પેટ્રોલના ભાવમાં વધુ ફેરફાર નથી થયો, ત્યાં ડીઝલ અને જેટ ફ્યુલ માર્જિન સતત વધી રહ્યા છે. એક્સપર્ટ્સનું માનવું છે કે જો વૈશ્વિક તણાવ આમ જ ચાલુ રહે છે, તો ભારતીય રિફાઈનરીઓ આગામી સમયમાં પણ આ સ્ટ્રેટેજી પર કામ કરતી રહેશે અને ડીઝલ એક્સપોર્ટને પ્રાથમિકતા આપશે. જેનાથી ભારતને ઈન્ટરનેશનલ માર્કેટમાં પોતાની સ્થિતિ મજબૂત કરવાની તક મળી શકે છે.

# પોરબંદરમાં લીકર શોપ ને મંજુરી મળતા ભડકો : બાપુના વિચારોને ખતમ કરવાનુ આ મોટુ ષડયંત્ર છે : કોંગ્રેસ




પ્રતિનિધિ,ગાંધીનગર

ગાંધીજીના સત્ય અને અહિંસાના પ્રતિક સમાન પોરબંદર શહેરમાં હવે પરમીટ ધારકો માટે દારૂની સુવિધા ઉપલબ્ધ થશે. રાજય સરકારે પ્રવાસીઓને આકર્ષવા અને સ્થાનિક પરમીટ ધારકોની સુવિધા માટે જાણીતી હોટલોમાં લીકર શોપ શરૂ કરવાની મંજુરી આપી દીધી છે. જો કે આ નિર્ણય સામે વિરોધ નો વંટોળ ફુંકાયો છે.

પોરબંદરમાં અંદાજે ૧૫૦૦ જેટલા હેલ્થ પરમીટ ધારકો છે. જેમને અત્યાર સુધી દારૂ લેવા માટે જુનાગઢ કે જામનગર સુધી ધક્કા ખાવા પડતા હતા. દેશ વિદેશથી આવતા પ્રવાસીઓને પણ આ મુશ્કેલી ન પડે તે માટે સરકારે સ્થાનિક હોટલને લીકર શોપ ની પરવાનગી આપી દીધી છે. જો છેલ્લી ઘડીએ કોઈ ફેરફાર નહી થાય તો ટુંક સમયમાં જ ગાંધીજી ની આ પવિત્ર ભુમિ પર પરમીટ વાળો દારૂ મળવાનો શરૂ થઈ જશે. સરકારના આ નિર્ણય સામે કોંગ્રેસ પ્રવકતા મનિષ દોશીએ ગંભીર સવાલો ઉઠાવ્યા હતા. તેમણે આ નિર્ણયને અત્યંત અસંવેદનશીલ ગણાવતા કહ્યુ હતુ કે ભાજપ અત્યાર સુધી ગાંધીજીની સંસ્થાઓને ખતમ કરતી હતી. હવે તે ગાંધીજીના વિચારોને પણ ખતમ કરવા માંગે છે. કોંગ્રેસે આક્ષેપ કર્યો હતો કે બાપુના જન્મસ્થળ પર દારૂની દુકાન ખોલવી એ તેમની ગરીમાનુ અપમાન છે. કોંગ્રેસે આ વિવાદાસ્પદ પ્રસ્તાવને તાત્કાલીક ધોરણે પાછો ખેંચવાની માંગ કરી છે અને સરકારને ચેતવણી આપી છે કે ગાંધીજીના સન્માન સાથે ચેડા કરવાનુ બંધ કરવામાં આવે, હવે જોવાનુ એ રહેશે કે પ્રવાસન અને પરમીટના નામે લેવાયેલો આ નિર્ણય સરકાર પાછો ખેંચે છે કે પછી વિરોધ છતાં લીકર શોપ શરૂ કરવામાં આવશે.

# હોર્મુઝ અંગે અમેરિકાએ હાથ અદ્ધર સંયુક્ત આરબ અમીરાત યુદ્ધમાં કૂદવા માટે તૈયાર

(સંપૂર્ણ સમાચાર સેવા)યુએઈ

અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચે છેલ્લા ૩૩ દિવસથી ચાલી રહેલા યુદ્ધમાં હવે ત્રીજા દેશની એન્ટ્રી થવાની સંભાવના છે. વાસ્તવમાં અમેરિકાનું સમર્થન કરી રહેલા સંયુક્ત આરબ અમીરાતે (UAE) યુદ્ધમાં ઉતરવા માટે વિચારણા શરૂ કરી દીધી છે. રિપોર્ટ મુજબ, ઈરાને બંધ કરેલો હોર્મુઝ જળમાર્ગ ખોલવા માટે UAEએ અમેરિકા અને સાથી દેશોનો સાથ મેળવીને કાર્યવાહી કરવાની તૈયારી શરૂ કરી દીધી છે. આ જે જળમાર્ગ છે, જ્યાંથી વિશ્વભરમાં ક્રૂડ ઓઈલ-ગેસ સહિતના પુરવઠાની સપ્લાય થાય છે. હોર્મુઝ બંધ કરાયા બાદ અનેક દેશોના સપ્લાય ચેઈન પર ગંભીર અસર પડી છે.રિપોર્ટ મુજબ, ઈરાન યુએઈ અને ખાડી દેશો પર સતત હુમલાઓ કરી રહ્યું હોવાથી યુએઈનું વલણ બદલાઈ ગયું છે. જો યુએઈ યુદ્ધમાં સામેલ થશે તો તે આવું કરનારો પહેલો ખાડી દેશ હશે. યુએઈએ ઈરાન વિરુદ્ધ કાર્યવાહી કરવા માટે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં એક પ્રસ્તાવ લાવવાની તૈયારી શરૂ કરી છે. આ ઉપરાંત તેણે હોર્મુઝ જળમાર્ગ સુરક્ષિત કરવા માટે અમેરિકા, યુરોપ અને એશિયાના દેશોને ગઠબંધન બનાવવાની અપીલ કરી છે. જોકે રશિયા અને ચીન યુએઈના પ્રસ્તાવને અટકાવી શકે છે. સાઉદી અરેબિયા અને મધ્ય પૂર્વના અન્ય દેશો પણ ઈરાન વિરુદ્ધ કડક વલણ અપનાવી રહ્યા છે. જોકે તેઓએ હજુ સુધી યુદ્ધમાં પોતાની સેના ઉતારી નથી.


## પશ્ચિમ રેલ્વે

મટિરિયલ મેનેજમેન્ટ વિભાગ

વિવિધ સામગ્રી પુરવઠો

ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર સૂચના નં. S/16/2026 તારીખ 27.03.2026

| ક્ર.નં. | ટેન્ડર નં. | વસ્તુઓનું ટૂંકું વર્ણન | જથ્થો | ટી.ઓ.ડી. |
|---|---|---|---|---|
| 99 | 26267010 | 6400 મીમી ઓવર-રાઇડિંગ રાઇટ હેન્ડ ડેરઇલિંગ સ્વિચને RDSO ડ્રોઇંગ નંબર T6068 Alt ના સપ્લાય માટે એક વર્ષનો રનિંગ કોન્ટ્રાક્ટ. 5 અથવા નવીનતમ Alt | 126 સેટ | 29 એપ્રિલ-26 |
| 100 | 22255144A | 5400 KVA લોકો મુખ્ય ટ્રાન્સફોર્મર પૂર્ણ | 2 નંગ | 28 એપ્રિલ-26 |
| 101 | 22252487A | માઉન્ટિંગ ગોઠવણી સાથે બેટરી બોક્સનો સેટ | 83 સેટ | 28 એપ્રિલ-26 |
| 102 | 04255176A | એરોસોલ આધારિત ફાયરનો સપ્લાય, ઇન્સ્ટોલેશન, પરીક્ષણ અને કમિશનિંગ | 6903 સેટ | 28 એપ્રિલ-26 |
| 103 | 26261008 | RDSO Drg ને BG 60E1 રેલ સેક્શન અને PSC સ્લીપર્સ પર R260 ગ્રેડ માટે 1 ઇન ૧૨ વેલ્ડેબલ CMS ક્રોસિંગના સપ્લાય માટે એક વર્ષનો રનિંગ કોન્ટ્રાક્ટ. નં.T-6412 | 1100 સેટ | 28 એપ્રિલ-26 |
| 104 | 04251713A | IR-DRDO બાયો ટોઇલેટ ટાંકીઓ માટે એનારોબિક માઇક્રોબાયલ ઇનોક્યુલમ્સ (બીજ બેક્ટેરિયા) | 647958 લીટર | 27 એપ્રિલ-26 |
| 105 | 27268150 | વર્ષ 2026-27 અને 2027-28 માટે આયોજિત POH માટે પ્લાઝર મેક ટ્રેક મશીનોના સ્પેરપાર્ટ્સની ખરીદી માટે રેટ કોન્ટ્રાક્ટ | 1 સેટ | 27 એપ્રિલ-26 |
| 106 | 22265005 | માઇક્રો કંટ્રોલર આધારિત ઇલેક્ટ્રોનિક સ્પીડ ઇન્ડિકેટિંગ અને રેકોર્ડિંગ સિસ્ટમનો સપ્લાય અને કમિશનિંગ | 86 સેટ | 27 એપ્રિલ-26 |
| 107 | 26261009 | 1 ના સપ્લાય માટે એક વર્ષનો રનિંગ કોન્ટ્રાક્ટ 8.5 વેલ્ડેબલ CMS ક્રોસિંગ આરડીએસઓ ડ્રેજ નં. T6441 | 160 સેટ | 27 એપ્રિલ-26 |

વિગતવાર સૂચના EMD, ખરીદી પ્રતિબંધો અને વિગતવાર ટેન્ડર શરતો અંગે, કૃપા કરીને વેબસાઇટ www.ireps.gov.in અને wr.indianrailways.gov.in ની મુલાકાત લો. 1274

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: X.com/WesternRly


# જામનગરના જિલ્લા કલેક્ટર તરીકે પી.બી. પંડ્યાએ પદભાર સંભાળ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

જામનગર જિલ્લાના નવનિયુક્ત કલેક્ટર તરીકે પી.બી.પંડ્યાએ આજે વિધિવત રીતે પોતાનો પદભાર સંભાળી લીધો છે. કલેક્ટર કચેરી ખાતે જરૂરી વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરી તેમણે જિલ્લાના મુખ્ય વહીવટી વડા તરીકેની જવાબદારી સ્વીકારી હતી, જ્યાં કલેક્ટર કચેરીના ઉચ્ચ અધિકારીઓ અને વિવિધ વિભાગના વડાઓ દ્વારા તેમનું ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

# ૧૦૮ મહંત સંતશ્રી ચેતનદાસ સાહેબના પાટવી શિષ્ય સંતશ્રી બજરંગદાસ ગરવી ગુજરાત દૈનિકના સુરત કર્યાલયે પધારી આર્શીવચન આપ્યા



(છગનલાલ મેવાડા ધ્વારા ) સુરત

ગુજરાતના સુપ્રસિધ્ધ ૧૦૮ ના મહંત જેઓ ગોધરાના સંચેલાવ રેલ્વે સ્ટેશનની સામે આદિવાસી વિસ્તારમાં શિષ્યોને ઉપદેશ આપી વ્યસનોથી મુકત કરવાના વર્ષોથી પ્રયાસ કરી રહેલા છે.

તેઓના આશ્રમ ખાતે હજારોની સંખ્યામાં લોકો તેમના દર્શન અને સત્સંગ માટે આવતા હોય છે. તેઓની અસીમ કૃપા તેમના પાટવી શિષ્ય સંતશ્રી બજરંગદાસ પર છે.

સંતશ્રી બજરંગદાસ ૧૦૮ મહંતશ્રી ચેતનદાસ સાહેબ આજ રોજ દૈનિક વર્તમાનપત્ર ગરવી ગુજરાત સુરતના કાર્યાલય ખાતે પધાર્યા હતા અને ગરવી ગુજરાતના પત્રકારોને આર્શીવચન આપી જીવનનું મર્મ સમજાવ્યો હતો અને અનેક દ્રષ્ટાંતો ધ્વારા મનુષ્ય જીવન જીવવાનો રસ્તો બનાવ્યો હતો. પત્રકારો ને નીડર અને નિષ્પક્ષ રીતે સારી હકીકત ને ઉજાગર કરવા જણાવ્યુ હતું. સત્યનો હંમેશા વિજય થાય છે. તેમ તેમણે જણાવ્યુ હતું.

# દેવભુમિ દ્વારકાના ખંભાળીયા પોલીસ સ્ટેશનમાં અધિકારીઓ સાથે આમ આદમી પાર્ટી પ્રમુખ સાથે ઘર્ષણઃ ઈસુદાન ગઢવીની કરાઈ અટકાયત




પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓનો માહોલ જામી રહ્યો છે. ત્યારે જ દેવભુમિ દ્વારકા જિલ્લાના ખંભાળીયામાં એક મોટી રાજકીય ઘટના બનવા પામી હતી. આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીની પોલીસે અટકાયત કરી છે. આ ઘટનાને પગલે રાજયભરમાં આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓમાં ભારે રોષ જોવા મળ્યો હતો. મળતી માહિતી અનુસાર આમ આદમી પાર્ટીના કેટલાક કાર્યકર્તાઓ સામે થયેલી ફરીયાદના સંદર્ભમાં ઈસુદાન ગઢવી પોતાના સમર્થકો સાથે ખંભાળીયા પોલીસ સ્ટેશન ખાતે રજુઆત કરવા પહોચ્યા હતા. પોલીસ સ્ટેશનની અંદર પીએસઆઈ અને અન્ય ઉચ્ચ અધિકારીઓ સાથે તેમની ઉગ્ર ચર્ચા થઈ હોવાનુ જાણવા મળ્યુ છે. આ વાતચીતનો એક વિડીયો પણ સોશીયલ મીડીયામાં વાયરલ થયો હતો. જેમાં પોલીસ અને ઈસુદાન ગઢવી વચ્ચે બોલાચાલી થતી જોવા મળી હતી. આ ચર્ચા બાદ પોલીસે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને ધ્યાનમાં રાખી ઈસુદાન ગઢવીની અટકાયત કરી હતી. ગઢવીની અટકાયત બાદ આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન પ્રભારી ગોપાલ રાય અને અન્ય નેતાઓ આક્રમક મુડમાં જોવા મળ્યા હતા. પાર્ટીના સુત્રોનુ કહેવુ છે કે ચુંટણીના માહોલમાં જાણી જોઈને વિરોધ પક્ષના નેતાઓને ટાર્ગેટ કરવામાં આવી રહ્યા છે. પોલીસ સ્ટેશનમાં રજુઆત કરવા ગયેલા પ્રદેશ પ્રમુખની કયા કાયદા હેઠળ અટકાયત કરવામાં આવી તે અંગે હજુ સુધી પોલીસે સત્તાવાર રીતે કોઈ ખુલાસો કર્યો નથી. સ્થાનિક સ્વરાજયની ચુંટણીનુ બ્યુગલ ફુંકાઈ ચુકયુ છે. ત્યારે એક મોટા રાજકીય પક્ષના પ્રદેશ પ્રમુખની અટકાયત અનેક સવાલો ઉભા કરે છે. આમ આદમી પાર્ટી દ્વારા આ મામલે પ્રેસ કોન્ફરન્સ યોજી સરકાર અને પોલીસ તંત્ર સામે મોટા ખુલાસા કરવામાં આવે તેવી શકયતા છે. આ ઘટના બાદ ખંભાળીયા સહિત રાજયના અન્ય ભાગોમાં પણ રાજકીય ગરમાવો વધી ગયો છે. અને પોલીસ કેસ અંગે વધુ વિગતોની રાહ જોવાઈ રહી છે.

# નરેન્દ્ર મોદી અને અમિત શાહ સામે કડક કાર્યવાહી કરનારા ૫ આઈપીએસ અધિકારીઓ સંસદમાં ચમકયા



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં મોદી અને અમિત શાહ સામે પડનારા આઈપીએસ અધિકારીઓને પાછળથી ભારે હેરાન કરવામાં આવ્યા હોવાનુ વિપક્ષ નેતા શકિતસિંહ ગોહિલે જણાવ્યુ હતું.

સંસદના બજેટસત્ર દરમિયાન રાજયસભામાં શકિતસિંહ ગોહિલે ભાજપ સરકાર પર પ્રહાર કરતા જણાવ્યુ હતુ કે સરકારે પ્રમાણિક પોલીસ અધિકારીઓને હેરાન કર્યા હતા. ગોહિલે આઈપીએસ અધિકારી સતીષ શર્મા નો ઉલ્લેખ કરતા કહ્યુ હતુ કે એક પ્રમાણિક અધિકારીને નિવૃત્તિ ના એક દિવસ અગાઉ સેવામાંથી દુર કરીને હેરાન કરવામાં આવ્યા હતા. તેમણે આક્ષેપ કર્યો હતો કે આ અધિકારીને એટલા માટે પરેશાન કરવામાં આવ્યા કારણ કે તેમણે વર્તમાન ગૃહમંત્રી (અમિત શાહ) ની ધરપકડ કરી હતી. તેમણે પ્રશ્ન ઉઠાવ્યો હતો કે જે અધિકારીઓ હાઈકોર્ટ માં એસઆઈટી તરીકે સારૂ કામ કરે છે તેમને બઢતી કે મેડલ આપવાને બદલે ગુજરાત બહાર ડેપ્યુટેશન પર કેમ મોકલી દેવામાં આવે છે. આ આઈપીએસ અધિકારીઓ કે જેઓ સંસદમાં ચમકયા છે. જેમાં (૧) રજનીશ રાય (૨) કુલદીપ શર્મા (૩) રાહુલ શર્મા (૪) સંજીવ ભટ્ટ (૫) સતીષ વર્મા તેઓના મતે ઉપર મુજબના આઈપીએસ અધિકારીઓને નરેન્દ્ર મોદી અને અમિત શાહે ભારે પરેશાન કર્યા હતા. તેમાંથી એન્કાઉન્ટર કેસ અને કોમી રમખાણોમાં ભાજપના નેતા અમિત શાહ અને બીજાઓને ખુલ્લા પાડતા તેમની સામે કિન્નાખોરી રાખીને નોકરીમાં પરેશાન કરીને રાજીનામા આપવાની ફરજ પાડી હતી. સીએપીએફ બીલ પર ચર્ચા દરમિયાન તેઓએ આઈપીએસ સાથે થયેલા અન્યાયની વાત કરી હતી. તેમણે સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સ (સીએપીએફ) બીલ, ૨૦૨૬ પરની ચર્ચા દરમિયાન કરી હતી. આ સિવાય ગોહિલે મોંઘવારી, એલપીજીની અછત અને મનરેગા ના બજેટમાં ઘટાડા જેવા મુદ્દે પણ સરકારની ટીકા કરી હતી.

# ૧૯ કિલોના કોર્મશીયલ ગેસ સીલીન્ડર ના ભાવમાં ૧૯૫ રૂપીયાનો વધારોઃ નાના ધંધાર્થીઓને મોટો ઝટકો




પ્રતિનિધિ,ગાંધીનગર

ઈરાન-ઈઝરાયેલ અને અમેરીકા વચ્ચે ચાલતા યુદ્ધની અસર હવે લોકો પર થવા લાગી છે. જીવન જરૂરીયાત ની વસ્તુઓની શોર્ટેજ તો નથી, પણ તેના ભાવમાં વધારો થવા લાગ્યો છે. જેનો સૌથી મોટો ઝટકો આજે ૧ એપ્રિલ ૨૦૨૬ થી ૧૯ કિલોના કોર્મશીયલ ગેસ સીલીન્ડરના ભાવમાં ૧૯૫.૫૦ રૂપીયાનો વધારો કરી દેવામાં આવ્યો છે. આ વધારા પછી કોર્મશીયલ ગેસ સીલીન્ડરના ભાવ ૨ હજારને પાર થઈ જશે,

મીડલ ઈસ્ટ ના સંઘર્ષની અસર નાના ધંધાર્થીઓની સાથે સામાન્ય લોકો પર મોંઘવારીના માર તરીકે પડી રહી છે. આંતરરાષ્ટ્રીય સ્તરે કાચા તેલની કિંમતો વધી જતા કંપનીઓએ કોર્મશીયલ એલપીજી સીલીન્ડરના ભાવમાં ૧૯૫.૫૦ રૂપીયાનો વધારો કરી દીધો છે.

આ ભાવવધારો ૧ એપ્રિલ ૨૦૨૬ થી દેશભરમાં લાગુ કરી દેવામાં આવ્યો છે. જો કે હજુ સુધી ઘરેલુ ગેસ સીલીન્ડરમાં ભાવમાં વધારો થયો નથી.

કોર્મશીયલ ગેસ સીલીન્ડરના ભાવમાં ૧૯૫.૫૦ રૂપીયાનો વધારો થતા ખાણી પીણીના નાના મોટા ધંધાર્થીઓની ચિંતા વધી છે. કારણ કે આ ભાવવધારા પછી સીલીન્ડરના ભાવ ૨ હજાર રૂપીયાથી વધી જશે. તેલ કંપની દ્વારા જાહેર કરેલા ભાવ અનુસાર દિલ્હીમાં ૧૯ કિલોના ગેસ સીલીન્ડરના ભાવ હવે ૨૦૭૫.૫૦ થઈ ગયા છે. મહત્વપૂર્ણ છે કે આ અગાઉ ૧ માર્ચે પણ કોર્મશીયલ ગેસ સીલીન્ડરના ભાવમાં ૧૧૪ રૂપીયાનો વધારો થયો હતો.

૧ એપ્રિલ ૨૦૨૬ થી દેશભરમાં ગેસ સીલીન્ડરના ભાવમાં જે વધારો લાગુ થયો છે ત્યારબાદ દેશના મેટ્રો શહેરોમાં કોર્મશીયલ ગેસ સીલીન્ડરના ભાવમાં પણ વધારો થયો છે.

## મહુવા સુગર માં શેરડીના ભાવ મુદ્દે ભારે હોબાળોઃ ડીરેકટરોની ચેમ્બરમાં ઘુસી ખેડુતોએ કર્યો ઘેરાવ



પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

દક્ષિણ ગુજરાતની આર્થિક જીવાદોરી સમાન સુગર ઉદ્યોગમાં અત્યારે ભાવ વધારાને લઈને ગરમાવો જોવા મળી રહયો છે. સુરત જિલ્લાની સુગર મીલો દ્વારા ગઈ કાલે શેરડીના ટન દીઠ ભાવો જાહેર કરવામાં આવ્યા હતા. જેમાં મહુવા સુગર ફેકટરી દ્વારા જાહેર કરાયેલા ભાવને લઈને વિવાદ ફાટી નિકળ્યો છે. અન્ય મીલોની સરખામણીએ મહુવા સુગરે માત્ર ૩૧૦૧ રૂપીયા ભાવ જાહેર કરતા ખેડુત સભાસદોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ઓછો ભાવ જાહેર થતાની સાથે જ આજે બુધવારે મોટી સંખ્યામાં નારાજ સભાસદો અને ખેડુતો મહુવા સુગર ફેકટરી ખાતે ઉમટી પડયા હતા. રોષે ભરાયેલા સભાસદો સીધા જ ફેકટરીના ડીરેકટરોની ચેમ્બરમાં પ્રવેસ્યા હતા અને હોબાળો મચાવ્યો હતો. ખેડુતોએ આક્ષેપ કર્યો હતો કે મહેનત સામે મળતો આ ભાવ ઘણો ઓછો છે અને અન્ય સુગરમીલો કરતા અન્યાયી છે. સભાસદોએ તમામ ડીરેકટરોનો ઘેરાવ કરી તાત્કાલીક ભાવ વધારાની માંગ કરી હતી. સભાસદોનો આક્રોશ જોતા સ્થિતિ વણસી હતી, ખેડુતોએ ચીમકી ઉચ્ચારી હતી કે જો શેરડીના ભાવમાં તાત્કાલીક વધારો કરવામાં નહી આવે તો તમામ ડીરેકટરોએ નૈતિક જવાબદારી સ્વીકારી રાજીનામુ આપી દેવુ જોઈએ.

વિવાદ વકરતા સ્થાનિક પોલીસ પણ તાત્કાલીક ઘટનાસ્થળે પહોચી હતી અને મામલો શાંત પાડવા પ્રયાસ કર્યા હતા. ખેડુતો પોતાની માંગ પર અડગ છે. જેના કારણે આગામી સમયમાં આ આંદોલન વધુ તેજ બને તેવી શકયતા છે.

# સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓની જાહેરાત અગાઉ કૃષિ અને નાણાં વિભાગે બદલી-બઢતીનો ગંજીપો ચીપ્યો




પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ અગાઉ બદલી અને બઢતીનો દોર શરૂ થયો હતો. પોલીસ વિભાગ અને મહેસુલ વિભાગમાં મોટા પાયે બદલીઓ કર્યા બાદ રાજય સરકાર દ્વારા આજે આચારસંહિતા લાગે તે અગાઉ કૃષિ અને નાણાં વિભાગમાં મોટા પાયે બદલી બઢતીઓ કરવામાં આવી હતી.

ગુજરાતના કૃષિ વિભાગમાં બઢતી સાથે બદલીનો આદેશ કરાયો હતો. જેમાં ૪૬ અધિકારીઓની બદલી અને ૧૮ ને બઢતી આપવામાં આવી હતી. મદદનીશ ખેતી નિયામકની સામુહિક બદલીના આદેશ અપાયા હતા.

આ ઉપરાંત ખેતી નિયામક તરીકે પ્રમોશન આપી દેવામાં આવ્યા હતા. આદેશમાં સ્પષ્ટપણે સુચના આપવામાં આવી હતી કે તાત્કાલીક નવા સ્થળે ફરજ ઉપર હાજર થવા જણાવાયુ હતું. તો અન્ય એક નાણાં વિભાગ હસ્તકની હિસાબ અને તીજોરી નિયામક કચેરી દ્વારા મોટા પાયે બદલી અને બઢતીના આદેશો જારી કરવામાં આવ્યા હતા.

રાજય સરકારના નાણાં વિભાગમાં લાંબા સમયથી ફરજ બજાવતા અને એક જ જિલ્લામાં સ્થાયી થયેલા કર્મચારીઓને ચુંટણી પંચની માર્ગદર્શિકા મુજબ બદલવામાં આવ્યા છે. જેમાં વર્ગ ૨ ના ૩૭ અધિકારીઓની બદલીઓ કરવામાં આવી છે.

વર્ગ ૩ ના કુલ ૨૬૯ કર્મચારીઓની આંતરીક બદલીઓના આદેશ આપી દેવામાં આવ્યા છે. ખાસ કરીને તીજોરી શાખાના ૭૬ જેટલા કર્મચારીઓની બદલીઓના આદેશ કરવામાં આવ્યા છે. બદલીઓની સાથે સાથે સરકારે કર્મચારીઓ માટે ખુશીના સમાચાર પણ આપ્યા છે. હિસાબ અને તીજોરી નિયામક કચેરી દ્વારા લાંબા સમયથી પ્રતિક્ષામાં રહેલા ૧૯૯ નાયબ હિસાબનીશ અધિકારીઓને બઢતી આપવામાં આવી છે.


સુત્રોના જણાવ્યા અનુસાર સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ અગાઉ વહિવટી પારદર્શિતા જળવાઈ રહે અને કોઈપણ અધિકારી કે કર્મચારી લાંબા સમય સુધી એક જ બેઠક પર ન રહે તે હેતુથી આ નિર્ણય લેવામાં આવ્યો હતો. આ ફેરફારોને કારણે રાજયની વિવિધ જિલ્લા તીજોરી કચેરીઓ અને હિસાબી શાખાઓમાં નવા અધિકારીઓનો કાર્યભાર જોવા મળશે. સરકારના આ કડક વલણને કારણે વહિવટી તંત્રમાં કાર્યક્ષમતા વધવાની આશા રાખવામાં આવી રહી છે.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાત આવ્યા પણ ખેડુતોની વ્યથા ન સાંભળીઃ બટાટામાં બરબાદ થયેલા ખેડુતોને નજરકેદ કરાયા હતા

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં બટાટાના ભાવમાં મોટા કડાકાને કારણે હાલ ખેડુતોની સ્થિતિ અત્યંત દયનીય બની છે. સરકાર સબસીડી માટે પણ કંઈ બોલી નથી, ગઈ કાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતમાં હતા ત્યારે આ મુદ્દે ખેડુતો રજુઆત ન કરે તે માટે ખેડુતોને નજરકેદ રખાયા હોવાનુ પણ કહેવામાં આવી રહ્યુ છે. ઉત્તર ગુજરાતના ડીસા (બનાસકાંઠા) અને મહેસાણા પંથકના ખેડુતો ભારે આર્થિક સંકટમાં મુકાયા છે. બટાટાના ભાવ ગત વર્ષની સરખામણીએ નોંધપાત્ર ઘટયા છે. જે ભાવ પહેલા મણે રૂપીયા ૪૫૦ હતા તે ઘટીને હવે રૂપીયા ૮૦ થી ૧૮૦ સુધી પહોચી ગયા છે. ઉત્પાદન ખર્ચ પણ નથી નિકળતો, ખેડુતોએ મોંઘા બિયારણ, ખાતર અને મજુરી પાછળ વિઘા દીઠ અંદાજે રૂપીયા ૩૫ હજાર થી રૂપીયા ૪૦ હજારનો ખર્ચ કર્યો છે. વર્તમાન ભાવે બટાટા વેચતા વાવેતરનો ખર્ચ પણ વસુલ થાય તેમ નથી. ત્યારે ખેડુતો બરબાદ થઈ રહ્યા છે. ત્યારે પણ નરેન્દ્રભાઈ મોદી ખેડુતોની રજુઆતોને સાંભળતા નથી, આ સિવાય સભામાં ભીડ એકઠી કરવા સરકારી બસો ફાળવવા મુદ્દે પણ જનતામાં નારાજગી જોવા મળી હતી.

# SMC ધ્વારા મોટા ઉપાડે બનાવાયેલા રેન બસેરા શું શોભાના ગાંઠિયા સમાન છે?



(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરના પે એન્ડ યુઝ ની ઉપર રેન બસેરા બનાવી નિરાધારોના આધાર બનવાની પહેલ તો કરી હતી. પરંતુ એ બનાવ્યા પછી પણ એની જાળવણી ના કામ માટે કરાતા આંખ આડા કાનને કારણે આજે રેન બસેરાઓની હાલત પણ ખખડધજ મકાનો જેવી થઈ ગઈ છે.

હવે વાત કરીએ કે રેનબસેરા બનાવવાનો જે હેતુ હતો એ આખો હેતુ જ મરી પરવાર્યો હોય એમ સદર તસવીરમાં દેખાતા પરિવારો શહેરના વિવિધ વિસ્તારો જેવાકે સિવિલ ચાર રસ્તા, મજુરા ગેટ, ઉધના દરવાજા, દિલ્હી ગેટ, વરાછા એરિયા માંથી પસાર થતાં ઓવરબ્રિજ નીચે ધામા નાંખીને પડયા પાથર્યા રહેતા હોવાથી બ્રિજ નીચે ગંદકીનું સામ્રાજ્ય તો સર્જાય છે. સાથે સાથે એ પરિવારના સભ્યો મેલા ઘેલા કપડા પહેરી સિગ્નલ પાસે ઊભેલી ગાડીઓ પર બોટલમાંથી પાણી નો ફૂવારો મારી ગંદા કપડાંથી કાચ સાફ કરતાં દ્રશ્યો તો રોજ ના થઈ પડયા છે.

અને આવા દ્રશ્યો જો આમ જનતા ને દેખાતા હોય તો ત્યાં ફરજ બજાવતી ટ્રાફિક પોલીસ ને કે શહેર પોલીસ ને કેમ નહીં દેખાતા હોય? શું એમની ફરજ નથી કે આવું ન્યૂસન્સ દૂર કરવું જોઈએ? સાથે સાથે આવા કાચ સાફ કરતા અને કાચ ઠોકી ભીખ માંગવાને કારણે ગાડી ચલાવનારનું ધ્યાન અન્યત્ર દોરાતા અકસ્માત નો બનાવ પણ બનવાના સંજોગો ઊભા થતાં હોવાથી આ ન્યૂસન્સ તાત્કાલિક ધોરણે દૂર કરવું જ રહ્યું.

નાના બાળકો ધ્વારા ભીખ મંગાવતા હોય છે. ગાડી ચાલકનું ધ્યાન સિગ્નલ ઉપર હોય છે અને એવામાં જો કોઈ દુર્ઘટના સર્જાય તો તેની જવાબદારી કોની? ચાર રસ્તાઓ ઉપર આ રીતે ગંદકી થાય તે યોગ્ય નથી.

# ગૃહમંત્રી આટલા કડક સ્વભાવના છે છતાં પણ ૩૫ ટકા ડ્રગ્સ ગાયબ થઈ ગયુંઃ ગોપાલ ઈટાલીયા




પ્રતિનિધિ,ગાંધીનગર

આમ આદમી પાર્ટી વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ એક વિડીયોના માધ્યમથી ગંભીર આક્ષેપો કરતા જણાવ્યુ હતુ કે થોડા દિવસ અગાઉ અખબારમાં સમાચાર આવ્યા હતા કે પોલીસે પકડેલા ડ્રગ્સમાંથી અંદાજે ૩૫ ટકા મુદ્દામાલ ગાયબ થઈ ગયો છે. જેની કિંમત અંદાજે ૨૫ થી ૩૦ હજાર કરોડ રૂપીયા થાય છે, આ મામલે જયારે કેગ દ્વારા તપાસ કરવામાં આવી ત્યારે પોલીસે જવાબ આપ્યો હતો કે ડ્રગ્સ ઉંદર ખાઈ ગયા છે, સાથે જ અન્ય એક ઘટનામાં પોલીસે પકડેલુ અફીણ પોલીસ સ્ટેશનમાં ઓગળી ગયુ હોવાનુ પણ બહાર આવ્યુ છે. અદાલતે જયારે નાશ કરવા કહ્યુ ત્યારે ૩૮ કિલોમાંથી માત્ર ૨ કિલો જ અફીણ નાશ કરવામાં આવ્યુ હોવાનુ બહાર આવ્યુ હતું. ગોપાલ ઈટાલીયાએ આ બાબતને અત્યંત શંકાસ્પદ ગણાવી કહ્યુ હતું કે પોલીસ સ્ટેશનોમાં મુદ્દામાલની ચોરી, ગેર વહિવટ અથવા ગેરકાયદેસર વેપાર થઈ રહ્યો હોવાની શકયતા નકારી શકાય નહી, તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે દારૂ, ડ્રગ્સ અને અફીણ જેવા મુદ્દામાલ માં ૩ સ્તરે ચોરી થતી હોવાનો આક્ષેપ છે, પહેલા પકડતી વખતે ઓછી માત્રા દર્શાવવામાં આવે છે. પછી નાશ વખતે વધુ ઘટાડી દેવામાં આવે છે, અને ત્રીજા તબકકે કેસમાં આરોપીઓને બચાવવા માટે ગેરરીતીઓ થાય છે. ગોપાલ ઈટાલીયાએ વધુમાં કટાક્ષ કરતા જણાવ્યુ હતું કે પોલીસ સ્ટેશનમાં ડ્રગ્સ ઉંદર ખાઈ જાય છે તો પછી ત્યાં પડેલા વાહનોના ટાયર, સીટ કવર, સ્ટેરીંગ અને અન્ય ભાગો પણ ઉંદર ખાઈ જાય તેવી વાતો બહાર આવવી જોઈએ જે હકીકતમાં ચોરી અથવા ગેર વેચાણ તરફ સંકેત કરે છે.

તેમણે આક્ષેપ કર્યો હતો કે પોલીસ દ્વારા જ મુદ્દામાલ તરીકે જપ્ત કરાયેલા દારૂ, ડ્રગ્સ અને અફીણનુ ગેરવેચાણ થતુ હોવુ ખુબ જ ગંભીર બાબત છે. તેમણે સરકારને સવાલ કર્યો હતો કે આવી ગંભીર ગેરરીતીઓ સામે અત્યાર સુધી શું કાર્યવાહી કરવામાં આવી છે અને માત્ર ઉંદર ખાઈ ગયા જેવા જવાબથી સંતોષ કેમ માનવામાં આવે છે. તેમણે ઉદાહરણ આપતા કહ્યુ હતુ કે જો કોઈ વ્યકિતને કોઈ વસ્તુ રાખવા આપીએ અને તે પાછી માંગીએ ત્યારે ઉંદર ખાઈ ગયા એવો જવાબ આપે તો તે સ્વીકાર્ય ન હોય, તેમણે ગુજરાતની જનતાને અપીલ કરી હતી કે આ મુદ્દાને રાજકારણથી ઉપર ઉઠીને વિચારવો જોઈએ. કારણ કે આ માત્ર કોઈ એક પક્ષનો નહી પરંતુ સમગ્ર રાજયની કાનુની વ્યવસ્થા અને વિશ્વસનીયતાનો પ્રશ્ન છે. તેમણે અંતમાં જણાવ્યુ હતુ કે દારૂબંધી ધરાવતા ગુજરાતમાં જો પોલીસ સ્ટેશનોમાંથી જ આ પ્રકાર ગેરવહિવટ અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે આવી રહી છે તો તે અત્યંત ચિંતાજનક છે અને સરકારે તાત્કાલીક કડક પગલા લેવા જોઈએ. ગૃહમંત્રી આટલા કડક સ્વભાવના છે છતાં પણ ૩૫ ટકા ડ્રગ્સ ગાયબ થઈ ગયું, જો ગૃહમંત્રી આટલા કડક ન હોત તો ?